# ભરૂચ જિલ્લાના
# આદિવાસીઓમાં પરંપરાગત ઔષધ

## 'ઓહરિયાં'

લેખક :

ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકી

જસવંતસિંહ રાઠોડ

સંપાદક :

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૯૧

296

# અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક<br>વિસ્તાર, વસતિ | ૧ થી ૭ |
| ૨ | અભ્યાસના ગામોનો પરિચય | ૮ થી ૧૭ |
| ૩ | વનૌષધિ અને પધ્ધતિ | ૧૮ થી ૨૩ |
| ૪ | વનૌષધીની વિગતે નોંધ | ૨૪ થી ૧૧૯ |
| | <u>પરિશિષ્ટ :</u> | |
| | (૧) મુલાકાતીઓના નામ-ગામ | ૧૨૦થી૧૨૧ |
| | (૨) સંદર્ભ સાહિત્ય | ૧૨૨ |

# પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક, વિસ્તાર, વસતિ

ભરૂચ જિલ્લાના ડેડીયાપાડ અને સાગબારા તાલુકાઓમાં અનુક્રમે ૬૩.૩૪ અને ૮૯.૨૭ ટકા આદિવાસી વસતિ છે. આ તાલુકાઓમાં અંગ્રેજ રાજયના અમલ દરમ્યાન આધુનિક આરોગ્ય સેવાઓનું અસ્તિત્વ હતું જ નહીં.અહીંના આદિવાસીઓ રોગ મટાડવા માટે પુરાણી પધ્ધતિ ઓનો ઉપયોગ કરતા જેમાં જડીબુટ્ટી, બ્રાત, ભૂવા વગેરે ઉપાયો અજમાવતા જંગલમાંથી તેમને તાજો ખોરાક અને ચોખ્ખી હવા મળતાં તેમનું આરોગ્ય પણ સચવાયેલુ રહેતું. ડેડીયાપાડા અને સાગબારા તાલુકાના સરહદી વિસ્તારમાં જંગલનું પ્રમાણ ઠીક ઠીક સચવાઈ રહ્યું છે. લગભગ દરેક પ્રકાર વૃક્ષો આ જંગલમાં જોવા મળે છે. આ વિસ્તારમાં કદમના ઝાડ ઠેર ઠેર જોવા મળે છે, તેના ફૂલની સુંઘંધથી વાતાવરણ ખૂબ પ્રફુલ્લિત લાગે છે. કદમને સ્થાનિક લોકો ' કમદો ' ના નામથી ઓળખાય છે. ડેડીયાપાડા ના માલસામોટ, મોટી સિંગલોટી, જુના મોઝદા, ફુલસર વગેરે વિસ્તાર જે જંગલ, પહાડી વિસ્તાર કહી શકાય તેવા છે. આ વિસ્તારના ગામોમાં જવા માટે આજે પણ રોડથી ત્રણચાર કે વધારે કિલોમીટર સુધી ચાલતાં જવું પડે છે. જોકે કેટલાક ગામોમાં દિવસમાં એક બે વાર બસ સુવિધા ઉપલબ્ધ છે. તેજ રીતે સાગબારાના દેવમોગરા, ઝડદા વિસ્તારમાં જંગલનું પ્રમાણ સારું છે. પણ કેટલોક ભાગ એવો છે જયાં જંગલનું નામોનિશાન રહેવા પામ્યુ નથી. આમ ઊંડાણ અને જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આ આદિવાસીઓ ખૂબ માયાળું અને નિખાલસ સ્વભાવના છે. જંગલ અને ઝાડીના કારણે ત્યાં હજુ પણ દવાખાના કે અન્ય સવલતો પૂરતા પ્રમાણમાં

ઉપલબ્ધ નથી તો પહેલા જયારે વાહન વ્યવહાર ખૂબ ઓછો હતો. રસ્તા ન હતા ત્યારે આ જંગલમાં વસવાટ કરતા લોકો કેવા પ્રકારનું જીવન ધોરણ હશે અકસ્માત, સાજા, માંદામાં કેવા પ્રકારની દવાનો ઉપયોગ કરતા કેવા પ્રકારના રોગ સામે ઝઝુમવું પડતું કેવા કેવા પ્રકારની વનસ્પતિ દવાનો ઉપયોગ કરતા કેવા લોકો જાણકાર હતા, કેવીરીતે દવા જાણતા અને કરતા આ બધીજ વ્યવસ્થા કેવા પ્રકારની હતી તે જાણવા માટે દેડીયાપાડા અને સાગબારા તાલુકાના આ જંગલ વિસ્તારનાં ગામો પસંદ કરવામાં આવ્યા હતા. જોકે પ્રથમ તો એવો ભય હતો કે જાણકાર વ્યક્તિઓ આ દવા અંગે માહિતી આપવાનો ઈનકાર કરી દેશે અથવા જોઈએ તેટલા પ્રમાણમાં માહિતી આપશે નહીં પણ અમારી એ માન્યતા ખોટી ઠરે તેવી રીતે દરેક જાણકાર વ્યક્તિ એ જોઈએ તેટલા પ્રમાણમાં સાથ સહકાર આપી માહિતી પૂરી પાડી છે. હા કયારેક એવું બન્યું છે કે બે ત્રણવાર સુધી ધકકા ખાધા પછી જ જાણકાર વ્યક્તિની મુલાકાત થઈ હોય આમ તેમની સાથે જે મેળાપ થવો એ સુયોગ કહી શકાય. આ સિવાય આ અભ્યાસમાં ખાસ મુશ્કેલી પડી નથી તેમ કહીએ તો ખોટું નથી. બંને તાલુકાના મળી સોળ જેટલા જાણકાર વ્યક્તિઓ, ગામના આગેવાનો, વડીલો વગેરે સાથે ચર્ચાઓ કરી આ માહિતી એકત્ર કરવામાં આવી છે. આમાં ૨૫ વર્ષથી માંડીને ૭૫ વર્ષ સુધીના વૃધ્ધ જાણકાર વ્યક્તિઓ સાથેની મુલાકાત થઈ હોવાથી નવી અને જુની પેઢીના વિચારો, આવડત વગેરેની ઘણી બાબતો જાણવા મળી છે.

અભ્યાસનો વ્યાપ અને પ્રવિધિ :

જંગલનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટતું રહ્યું છે. જાણકારો બીજા

કોઇને આ જાણકારી નહીં આપતા હોવાથી જાણકાર અવસાન પામે એની સાથે એ જાણકારી પણ નષ્ટ થાય છે. આવી પરિસ્થિતિમાં આ જાણકારીનો વારસો ટકી રહે તેમજ તેમાંથી મળતી માહિતીનો ઉપયોગ યોગ્ય રીતે કરી બૃહદ સમાજને તેનો લાભ મળે તેવું કંઇ થઇ શકે તો ઘણું જ ઉપયોગી થાય તેમ છે. તે ધ્યાનમાં રાખી આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

ગુજરાતનો સમગ્ર આદિવાસી વિસ્તાર સમાવી લેવાય તે હેતુસર આદિવાસી પટ્ટીના આઠે આઠ જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્રનો કચ્છ વિસ્તારો પણ અભ્યાસમાં સમાવવાનો પ્રયત્ન કરી રહયા છીએ. સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લા અને સઘન વન્ય વિસ્તારને ધ્યાનમાં રાખી જિલ્લાવાર જુદી જુદી આદિવાસી જાતિઓમાં પરંપરાગત વનૌષધિના ઉપયોગનો ખ્યાલ આવે તે હેતુસર જિલ્લાવાર ક્ષેત્રકાર્ય કરી વનસ્પતિ દવાના ખાસ જાણકાર એવા ભગતો, ભૂવાઓ, અન્ય આગેવાનો, અનુભવીઓ પાસેથી વિવિધ દર્દોમાં વપરાતી દવાઓની શકય તેટલી વિશેષ વિગતો એમનો રૂબરૂ સંપર્ક સાધી, પ્રાથમિક વિશ્વાસ સંપાદન કર્યા પછી મેળવવામાં આવી.

જાતિવાર અને વિસ્તારવાર અહેવાલ તૈયાર થાય તો તે વધારે સઘન અને સ્પષ્ટ થાય તે હેતુસર ભરૂચ જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારા તાલુકાઓના ગામો પસંદ કરી વસાવા જાતિમાં પરંપરાગત વનૌષધિનો ઉપયોગ વિષે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

## વિસ્તાર અને વસતિ :

દક્ષિણ ગુજરાતમાં આવેલો ભરૂચ જિલ્લો ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાંનો આઠમા નંબરનો મોટો જિલ્લો છે. તેનો વિસ્તાર

૯૦૪૫ ચો.કિ.મી. છે. જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારનો ૪.૬૨ ટકાનો ભાગ થાય છે. ભરૂચ જિલ્લો ૨૧ં-૪૫'-૪૫'' અને ૨૨ં-૧૫'-૧૬'' ઉત્તર અક્ષાંશ અને ૭૨ં-૩૪-૧૯ અને ૭૩ં-૧૨-૧૫ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.તેની ઉત્તરો વડોદરા અને ખેડા જિલ્લો, દક્ષિણે સુરત જિલ્લો, પૂર્વે મહારાષ્ટ્રનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમે ખંભાતનો અખાત આવેલો છે. આ જિલ્લો ભૌગોલિક રીતે વિરોધાભાસવાળા બે વિભાગનો બનેલો છે.

(૧) ઉત્તર અને વ્યાયવ્ય દિશાનો કાંપવાળાં મેદાનો

(૨) અગ્નિ ખૂણામાં આવેલી રાજપીપળાની ટેકરીઓ.

આ જિલ્લાને સહ્યાદ્રિ અને સાતપૂડાના પર્વતોની હારમાળા લાગે.લી છે. ભરૂચ જિલ્લામાં ચાર નદીઓ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. જેમાં કેન્દ્રમાં ગુજરાતની મોટામાં મોટી નદી નર્મદા છે. આ નદીઓ અઝિાવત્તા અંશે એકબીજાને સમાંતર વહે છે.

આ જિલ્લાની જમીન મુખ્ય ચાર પ્રકારની છે. (૧) ડેડિયા-પાડા, નાંદોદ, ઝઘડિયા, સાગબારા અને વાલિયા તાલુકાઓને આવરી લેતી પૂર્વ ભાગની ખડકાળ જમીન (૨) જંબુસર, વાગરા અને હાંસોટ તાલુકાના પશ્ચિમ વિભાગની ભૂખરી, ક્ષારવાળી જમીન, (૩) ભરૂચ, વાગરા, જંબુસર અને અંકલેશ્વર તાલુકાઓને આવરી લેતી મધ્ય વિભાગની સાધારણ કાળી અને રેતાળ જમીન (૪) જંબુસર તાલુકાને આવરી લેતી ઈશાન તરફની ફ્રે બાગાયત જમીન, ૧૯૭૦-૭૧ના આંકડા અનુસાર આ જિલ્લામાં ૧૭૨૫.૪૨ ચો.કિ.મી. વન વિસ્તાર છે, તે પૈકી ૧૧૨૯.૯૪ ચો.કિ.મી. અનામત ૨૯૨.૭૯ ચો.કિ.મી. બિન વર્ગીકૃત અને ૩૦૨.૭૯ ચો.કિ.મી. ખાનગી વન વિસ્તાર છે. આ

જિલ્લામાં અકીકનો પથ્થર, ઈંટો માટેની માટી, કેલ્સેડોનીની પેબ્લર્સ પેદાશ બીજા જિલ્લા કરતાં સૌથી વધુ છે.

કેટલાય વર્ષોથી આ જિલ્લો પછાત વિસ્તાર તરીકે ગણાય છે. તેથી આ વિસ્તારની પ્રગતિ થાય એ હેતુથી સરકારે કેટલાક ઔદ્યોગિક સંકુલો ઉભા કરીને તેના વિકાસ માટેના ગહન પ્રયત્નો કર્યો છે.

ડેડીયાપાડા તાલુકો :

ડેડીયાપાડા તાલુકાની પૂર્વ દિશાએ ' સાગબારા તાલુકો આવેલો છે. પશ્ચિમે નાંદોદ, ઝગડીયા અને વાલિયા તાલુકાઓની હદ છે. દક્ષિણે સુરત જિલ્લાની હદ છે. તાલુકાની પૂર્વ પશ્ચિમ લંબાઈ ૪૮ કિ.મી. અને ઉત્તર દક્ષિણ લંબાઈ ૩૨ કિ.મી. છે. આખો તાલુકો ૧૦૨૭ ચો.કિ.મી.ના કુલ ભૌગોલિક ક્ષેત્રફળના વિસ્તારમાં ૨૧-૩૦ ઉત્તર અક્ષાંશ થી ૭૩-૩૦ પશ્ચિમ રેખાંશ વચ્ચે આવેલો છે. તાલુકાની ચારે બાજુની જમીન ખાડા ટેકરાવાળી ઉંડી ખીણો ડુંગરાળ અને ગાઢ જંગલોથી ભરપુર મોટાભાગની જમીન પથ્થરીયા, થોડી કાળી અને ગોરાળુ જમીન પથરાયેલી છે. તાલુકામાં વરસાદ અનિયમિત ઓછો કે વધારે પડે છે. સરાસરી વરસાદ ૭૦૦ થી ૧૦૦૦ મિ.મિ. પડે છે.

ડેડીયાપાડા તાલુકો પહાડો અને જંગલ વિસ્તારથી પથરાયેલો છે. તાલુકાની ઉત્તર- પશ્ચિમ દિશાઓમાંથી અને જંગલ ઓછું થઈ જવા પામ્યું છે. તાલુકામાં આદિવાસી ભીલ વસાવાઓની વસતિ સવિશેષ વસે છે. ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલ વસતિ ૮૮૪૩૧ ની હતી. જેમાં ૯૩.૩૪ ટકા આદિવાસી છે.

ડેડીયાપાડા તાલુકામાં ઔદ્યોગિક એકમોની અસરો નહીંવત થવા પામી છે. તાલુકામાં કોઈ ઔદ્યોગિક એકમોની સ્થાપના થવા પામી નથી. એટલે અહીંની વસવાટી વસતિ ઉપર તેની અસરો ખાસ જોવા મળતી નથી.

સાગબારા તાલુકો :

સાગબારા તાલુકાની પૂર્વ દિશાએ મહારાષ્ટ્ર રાજયનો ખાનદેશ, પશ્ચિમ અને ઉત્તરે ભરૂચ જિલ્લાનો ડેડીયાપાડા તાલુકો અને દક્ષિણે સુરત જિલ્લો આવેલો છે. તાલુકાની ઉત્તર દક્ષિણ લંબાઈ ૨૭ કિ.મી. અને પૂર્વ પશ્ચિમે પહોળાઈ ૨૧ કિ.મી. છે. તેનું ક્ષેત્રફળ ૪૦૦ ચો.કિ.મી. થાય છે. આખો તાલુકો ઉત્તરે ૨૧.૩૦ં અક્ષાંશ અને પશ્ચિમે ૭૩.૩૦ં રેખાંશ વચ્ચે આવેલો છે. આ તાલુકાનો મોટોભાગ સાગ અને વાંસના જંગલેથી આધારિત હતો. જેના ઉપરથી તાલુકાનું નામ '' સાગબારા '' પડયું હતું. આને ધીમે ધીમે જંગલોનો નાશ થવાથી ઘણી જગ્યાએ ઝાડી જોવા મળતી નથી. જોકે પ્રથમથી જ જંગલ વિસ્તાર તરીકે તાલુકાને ગણવામાં આવ્યો છે. પરંતુ ૧૯૭૫થી આ તાલુકાના જંગલ વિસ્તારો કલમ ૪ હેઠળ અવર્ગીકૃત જંગલ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજય ૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યા બાદ સાગબારા તાલુકો ભરુચ જિલ્લામા મૂકવામાં આવ્યો તેમાં મહારાષ્ટ્રના ૨૨ ગામો સાગબારા તાલુકામાં સમાવવામાં આવ્યા. જયારે સાગબારા તાલુકાના બે ગામોને ધૂળિયા જિલ્લાના અકકલકૂવા તાલુકામાં સમાવવામાં આવ્યા. સાગબારા અંકલેશ્વરથી ૯૮ કિ.મી. અને ડેડીયાપાડાથી ૨૭ કિ.મી. પર આવેલું છે. તાલુકાનું સેલંબા ગામ

વિશેષ મહત્ત્વ ધરાવતું ગામ છે. તે સાગબારાથી ૩ કિ.મી.ના અંતરે આવેલુ વેપારી મથક છે.

આ તાલુકો ડુંગર, ટેકરીઓ અને જંગલથી છવાયેલો છે.૧૯૮૧ ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકાની ૫૮૫૮૫ ની વસતિ છે. જેમાં ૫૨૩૦ આદિવાસી વસતિ છે. જે કુલ વસતિના ૮૯.૨૭ ટકા થાય છે. આદિવાસી ભીલોની વસતિમાં વસાવા, તડવી લોકો વસે છે.

સાગબારા તાલુકાના ઉત્તર પૂર્વના વિસ્તારનાં અને દક્ષિણ ના કેટલાક વિસ્તારમાં જંગલમાં સાગ, વાસના વૃક્ષોનું જંગલ રહેવા પામ્યું છે. ગાઢ જંગલ રહેવા પામ્યું નથી. સમગ્ર તાલુકો નાના મોટા પહાડો અને જંગલ વિસ્તારમા આવેલો હોવાથી ઔદ્યોગિક વિકાસ થઈ શક્યો નથી.

આ તાલુકામાંથી કોઈ મોટી નદી પસાર થતી નથી. પરંતુ તાપી નદી તે તાલુકાની દક્ષિણ પૂર્વ હદમાંથી પસાર થાય છે જે આ તાલુકાને ભૌગોલિક રીતે જુદો પડે છે. ડુંગરોમાંથી હોડી, વેતી, આઉથી જેવી નાની નાની નદીઓ નીકળે છે. તે આગળ જતાં તાપીને મળે છે. આ તાલુકામાં નાની મોટી સાત ખાડીઓ આવેલી છે. જેમાં બારેમાસ પાણી રહે છે. સિંચાઈ વ્યવસ્થા તેમાંથી કરેલી છે.

## વસતિ :

ભરૂચ જિલ્લામાં મુખ્ય અનુસૂચિત જનજાતિમાં વસાવા અગ્રસ્થાને છે એ સિવાયની આદિવાસી જાતિઓમાં તડવી, ગામીત, ધાણકા, ભીલ, ચૌધરી, કોટવાળિયા, નાયક-નાયકડા, દૂબળા, કાથોડી રાઠવા, ધોડિયા, પટેલિયા, અને પારધીઓનો સમાવેશ થાય છે.

## પ્રકરણ - ૨

## અભ્યાસના કેટલાક ગામોનો પરિચય

### માલ સામોટ :

દેડીયાપાડાથી ૪૫ કિ.મી. પૂર્વમાં આવેલ માલ અને સામોટ બંને અલગ ગામ છે. દરિયાની સપાટીથી ૨૨૦૦ ફૂટની ઉંચાઈએ આવેલ હોવાથી ભર ઉનાળે પણ ત્યાં ગરમી લાગતી નથી. શિયાળામાં વધારે ઠંડી પણ લાગતી નથી. સમધાત આબોહવા ધરાવતા આ બંને ગામો આમ્રવૃક્ષોની વચ્ચે ઘેરાયેલા હોય તેવું લાગે છે. અંદાજે ૧૫૦૦ એકરનું સપાટ મેદાન ધરાવતા આ વિસ્તારમાં ઠીક ઠીક પ્રમાણમાં જંગલ પણ છે.સાગ, સાદડ, કદમ, આંબા, મહુડી, શરુ, હરડે જેવા મુખ્ય ઝાડો સાથે ઘણીબધી વનસ્પતિના ઝાડો આ વિસ્તારમાં છે. ત્યાંથી થોડા આગળ નિકળીએતો મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાની સરહદ લાગે છે. જેના કારણે આ ગામોના સામાજિક સંબંધો પણ મહારાષ્ટ્રના સરહદોના ગામો સાથે છે. સૌ પ્રથમવાર મેની ૨૭ તારીખે ત્યાં જવાનું થયું ત્યારે ખ્યાલ આવ્યો કે રાત્રે રજાઈ ઓઢવા સિવાય બહાર ખુલ્લામાં સૂઈ શકાય તેમ નથી. જોકે સ્થાનિક લોકો સાથેની ચર્ચામાં જાણવા મળ્યું કે અહીં આવ્યા છે. તે બધાજ આ જગ્યાથી પ્રભાવિત થયા જ છે. પણ આ જગ્યાને હવાખાવાના સ્થળ કે અન્ય રીતે વિકસાવી જોઈએ તેવી કોઈ વ્યવસ્થા હજુ સુધી કરવામાં આવી નથી.

ગામમાં હમણાં હમણાં પ્રાથમિક શાળા, ઉ.બુ.આ.શાળા, દૂધ મંડળી,ની શરૂઆત કરવામાં આવી છે.સામોટ સુધી પાકા

રસ્તાની સુવિધા હોવા છતાં દિવસમાં બે વાર દેદીયાપાડાથી બસ સુવિધા ઉપલબ્ધ છે. જંગલ ખાતાના કવાર્ટસ, પ્રાથમિક શાળાનું મકાન અને કવાટર્સ સિવાય એકપણ મકાન પાકુ નથી. જોકે ઉ.બુ.આ.શાળાના પાકા મકાનનું બાંધકામનું કામ ચાલુ હતું. ઉનાળામા દિવસોમાં રાજપીપળા ના મહારાજા પણ ત્યાં આવી રહેતા તેવું જાણવા મળ્યું છે. બગીચાના જગ્યાએ તેમનો જે બગીચો બનાવેલો તેના ઘણાંખરા ઝાડો આજે ઉભા છે. આ બગીચામાં ચંદન વૃક્ષ પણ હતું. અત્યારે ચંદન વૃક્ષ રહયું નથી. પણ મારા માહિતીદર્શક પણ એક મૂળનો ટૂકડો મેળવેલો તે મોજુદ છે. આ જગ્યાએ અંગ્રેજો પણ આવી રહેતા. આમ આ એક અત્યંત કુદરતી રમણિયતા ધરાવતું સ્થળ છે.

<u>વસતિ :</u>

બન્ને ગામોમાં વસાવા જાતિની વસતિ છે. મુખ્ય વ્યવસાય ચોમાસુ ખેતી છે. શિયાળુ ખેતી કે પિયત વાળી ખેતી નથી. ચોમાસુ ભેજ હોય તો કયારેક શિયાળું પાક કરવામાં આવે છે. વિરડા અથવા કૂવાથી પાણી પીવાનું મેળવે છે. હાલમાં સરકારશ્રી તરફથી બે હેન્ડ પંપ મૂકી આપ્યા હોવાથી તેનો ઉપયોગ પીવાના પાણી તરીકે કરવામાં આવે છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત્ છે.હાઈસ્કૂલ સુધી પણ પહોંચ્યો હોય તેવો કોઈ બાળક ગામમાં નથી. જોકે હવે પ્રાથમિક શાળા અને ઉ.બુ. આ. શાળાના કારણે શિક્ષણ વધશે તેમ લાગે છે.

<u>ઘર :</u>

ઘર ઢાળવાળાં બે ખંડના બનાવે છે. દિવાલ વાંસની ગુંથીને બનાવે છે. ઉપર લીંપણ કરે છે. લાકડાના થાંભલા ઉભા કરી ઢળતાં ઘર બનાવે છે. છત દેશી નળિયાથી ઢાંકે છે. બાજુમાં ઢોર માટે

છાપરી બનાવી લે છે. દેશી નળિયા જાતે જ બનાવી લે છે. તેમના ઘરો અલગ અલગ પણ જથ્થામાં હોય છે. ફળિયામાં ૧૫ થી ૨૦ ઘર હોય છે. ઘરો બે ખંડના હોય છે, માટી, એલ્યુમિનિયમ અને પિત્તળના વાસણો નો ઉપયોગ કરે છે. બહાર એક લાકડા ઉપર પાણીની માટલી રાખે છે. પાણી પીવાના સાધન તરીકે ડોવલાનો ઉપયોગ કરે છે. જે તુંબડીમાંથી બને છે. દરેક ઘરમાં ખાટલા જોવા મળે છે. એટલે સૂવા માટે ખાટલાનો ઉપયોગ કરે છે. ખાટલો જાતે બનાવે છે. અને ભીંડી કે શણના રેસાની દોરીથી ભરવામાં આવે છે. ગાદલા તરીકે રજાઇનો ઉપયોગ થવા લાગ્યો છે.ઘરો એકંદરે પ્રમાણમાં મોટા અને સ્વચ્છ જોવા મળ્યા.

જંગલનું પ્રમાણ ઠીક ઠીક હોવાથી જંગલ ગૌણ પેદાશ પણ એકઠી કરવામાં આવે છે. જેમાં મહુડાના ફુલ, ડોળી, હરડે, ચારોળી, ટીમરુપાન, આશિતાના પાન, મધ, ગુંદર, વગેરે વત્તાઓછા પ્રમાણમા મળે છે. ઉનાળામા ડોળી અને ટીમરુના પાન વધારે પ્રમાણમાં મળે છે.

પહેરવેશ :

પુરુષો - ધોતિયું, બંડી યા માથે સફેદ કપડાનો કકડો વીંટે છે.

સ્ત્રીઓ - કબજો, અને માથે ઓઢણું ઓઢે છે. ઘરેણાના શોખીન હોવાથી ઘણાં ઘરેણા પહેરે છે.

સામાજીક :

કન્યા વિક્રય પ્રથા છે. લગ્નમાં ખૂબ ધામધૂમથી નાચવા આવાનું હોય છે. કન્યાની માગણી કરવામાં આવે છે. દહેજ નકકી કરવામાં આવે છે. લગ્ન પછી કન્યા મૂકવા જવામાં આવે છે. દારુ અને

માંસનો ઉપયોગ અત્યારે વિશેષ કરવામાં આવે છે. દહેજમાં અમુક માટલા દારૂ આપવો પડે છે.

રજસ્વલા સ્ત્રીને દેવ બેઠા છે તેમ કહેવામાં આવે છે. ચાર દિવસે સ્ત્રી માથુ ધૂવે છે ત્યાં સુધી રસોઈ, પાણી કરતી નથી. સ્ત્રી પુરુષના કપડાં ધોતી નથી.

મુખ્ય તહેવાર હોળી છે. પંદર દિવસ સુધી આ તહેવાર ઉજવે છે. ફાગણ સુદ એકમથી હોળીનો તહેવાર ચાલુ થાય છે. મહાશિવરાત્રિ દેવમોગરાના મેળામાં જઈ આવ્યા પછી જેને ઘેરૈયા થવું હોય તે મળને કેટલાક નિયમો પાળવાના હોય છે. તેમાં સ્ત્રીના હાથની રસોઈ બનાવેલી જમે નહીં, સ્ત્રી સંગથી દૂર રહે, સ્ત્રીનો પડછાયો ન લે, જમીન ઉપર નીચે સૂવે. હોળી પછી પાંચ દિવસ સુધી નિયમમાં રહેવાનું હોય છે. આ ઘેરૈયા તરીકે ઓળખાતા જુવાનો ગામે ગામ નાચવા ગાવા જાય છે. તેમને ઘેરૈયાના નામે ઓળખાવવામાં આવે છે, દેવમોગરામાં જે પાંડોર માતા અને મહાકાળી માતાનું મંદિર છે. તેને તેઓ પોતાના ઈષ્ટ દેવ તરીકે ઓળખાવે છે. કંઈ પણ થાય તો તરત જ માતાની માનતા માનવામાં આવે છે. તેના ઉપર અતુટ શ્રધ્ધા રાખે છે. આ ઉપરાંત માંધીમાતા, પાંડોરમાતા, વાઘદેવને પણ માને અને પુંજે છે.

<u>શિક્ષણ :</u>

માલસામોટ વિસ્તારમાં ભણતરનું પ્રમાણ ઘણું ઓછું છે. અગાઉ જોયું તેમ કોલેજ કે હાઈસ્કૂલ સુધી અભ્યાસ કરતો કે કરેલ એકપણ વ્યક્તિ નથી. બાળકોને ભણાવવામાં માનતા નથી ભણવાથી કામ કરતા નથી અને મોજશોખ કરવા લાગી જાય છે. તેમ માનવામાં આવે છે. મોજશોખની વસ્તુઓ ટેપ, રેડીયો, ઘડીયાળ, જેવી ચીજો

ખરીદે છે. બીજા વિસ્તારના વસાવાઓ હવે આગળ ભણે છે. તેવું જાણવા મળે છે.

દેવમોગરા :

દેડીયાપાડાથી ૩૫ કિ.મી. આવેલા આ સ્થળે જવા માટે ડેડીયાપાડાથી બે ત્રણવાર બસ સુવિધા ઉપલબ્ધ છે. દેવમોગરા ગામે જિલ્લા પંચાયત સંચાલીત ધર્મશાળા, આશ્રમશાળા, પંચાયત ઘર, એમ પ્રાથમિક શાળાની સુવિધા ઉપલબ્ધ છે. દેવમોગરામાં આવેલ પાંડોર માતા અને મહાકાલી માતાનાં મંદીરના કારણે આ ગામ જાણીતું બન્યું છે. ચૌધરી, ગામીત અને વસાવા જાતિની કુળદેવી તરીકે ઓળખાવે છે. લોકો ભકિતભાવથી આવે છે. માનતા માને છે. પહેલા પશુબલી અપાતો અત્યારે તે બંધ કરવામાં આવ્યો છે. મંદિરની આવકનો વહીવટ પંચાયત હસ્તક છે. પુજારી તરીકે ગામના જ વંશ પરંપરાગત વસાવા કુટુંબના ભાઈ છે. તેમની માન્યતા પ્રમાણે કુટુંબમાં માતા જેની પુજા સ્વીકારવાનાં હોય તે વ્યકિતની ટચલી આંગળી વરેલી રહે છે. જેની આંગળી વરેલી હોય તે જ પૂજા કરી શકે છે. ( માતાનો પ્રભાવ ગણાવી શકાય ) મન વાંચ્છીત ફળ આપવા વાળી આ જગ્યાએ મહા શિવરાત્રી બહુજ મોટો મેળો ભરાય છે. અને લાખો લોકો તેની જાત્રાએ ઉમટી પડે છે. પગપાળા, બસ દ્વારા અને બળદ ગાડા સાથે લોકો આ જાત્રામાં ઉમટી પડે છે. પીવાના પાણી માટે હેન્ડ પંપ મૂકવામાં આવ્યો છે. લોક વાયકા એવી છે કે મહારાષ્ટ્રમાં આવેલ દાબ ગામમાંથી માતાજી મકાન સાથે આવી દેવ મોગરામાં વસ્યા ત્યાં હજુ પણ ખાડાની નિશાની છે તેમ કેટલાક માને છે. ( દાબ એ સરહદ ઉપરનું ગામ છે )

ગડદા :

ગડદા ગામ દેવમોગરાથી બે અઢી કિ.મી. પૂર્વમાં આવેલું છે. વસાવા જાતિની વસતિ ધરાવતું આ ગામ ડુંગરોની વચ્ચે વસેલું હોય તેમ લાગે છે. સપાટ મેદાની જમીનમાં ખેતી અને પશુપાલનના મુખ્ય ધંધો છે. ગામ સુધી પાકા રસ્તાની સુવિધા છે. ગામમાં લાઇટના થાંભલા છે પણ મીટર મૂકયા નથી. પી.એસ.સી. સેન્ટર, એકથી ચાર ધોરણ સ્કૂલ ગામની મધ્યમમાં છે. ગામ ત્રણ ચાર ફળિયામાં વહેંચાયેલું છે. ફળિયાનો વસવાટ ઉંચાણવાળા ભાગોમાં છે. ચારે બાજુ ડુંગળો હોવાથી ગામ ખૂબ રમણીય લાગે છે. જંગલનું પ્રમાણ ઠીક છે. પણ ખાસ પેદાશો નથી. ગામમાં એક બે પ્રાથમિક જરૂરિયાત માટેની દુકાનો છે. જયાં સ્થાનિક વપરાશની ચીજો મળે છે. હમણાં હમણાં ભણતરનું પ્રમાણ વધ્યું છે. ૧૦ થી ૧૨ સુધી ભણેલા એકાદ બે છોકરા છે. એથી આગળ ગયેલ હજુ ગામમાં કોઇ વ્યકિત નથી.

સોરાપાડા :

સોરાપાડા ગામ સાગબારાથી પશ્ચિમમાં આવેલું છે. ગામમાં જવા માટે સાગબારાથી એક ટાઇમ બસની સગવડ ઉપલબ્ધ છે. ગામમાં પ્રાથમિક શાળા, પંચાયત ઘર, દૂધ મંડળી તથા આયુર્વેદિક દવાખાનું વગેરે સેવા ઉપલબ્ધ છે. ગામ એકંદરે જથ્થામાં છે. વસાવા જાતિની મુખ્ય વસતિ છે. ગામની આજુબાજુ કે તે વિસ્તારમાં જંગલનું પ્રમાણ રહ્યું નથી. જંગલ માટે તેમને ઘણા દૂર જવું પડે છે. જંગલ સિવાયની ટેકરીઓ વાળા વિસ્તારમાં આ ગામ આવેલું છે. આગળ જતાં સોનગઢની હદ શરૂ થાય છે. ગામમાં કે આજુબાજુ જંગલ ન હોવાને કારણે ગામમાં

વનૌષધિના જાણકાર પણ ન હોય તેવી સ્થિતિ જોવા મળી. સૌ પ્રથમ પટેલના ઘરે જઈ તપાસ કરી તો પટેલ હાજર ન હતા. તેમના કાકાના દિકરા આવ્યા તેમની સાથે ચર્ચા થઈ તેમણે કહ્યું કે હું જાણું છું તેટલી દવા બતાવું. આ સિવાય કોઈ જાણતું નથી. વળી ગામમાં દુશ્કાર ની ભયંકર પરિસ્થિતિના કારણે લોકો રાહત કામો ઉપર કે પોતાના ખેતરમાં કૂવા ખોદવામાં પડ્યા હોવાથી ગામમાં ઘણા ઓછા માણસોની હાજરી હતી. આમ આ ગામમાં જંગલ સાથે વનૌષધિની જાણકારી પણ જાણે કપાઈ ગઈ હોય તેવો અનુભવ થયો એટલે જ આ અંગે આટલું લખવાનું મન થઈ આવ્યું છે.

વળી જોઈએ તેઓ ઉત્સાહ બતાવી વધારે માહિતી મળે તેવા પ્રયત્નો પણ થઈ શક્યા નહી જોકે મૂળ વ્યક્તિ હતા તેઓ મળી શક્યા ન હતા. આ સિવાય કોઈ કંઈ જાણતું નથી તેવું મુલાકાત આપનાર ભાઈનો પોતાનો દાવો હતો જે હોય તે પણ આ એક એવો અનુભવ હતો જે સામાન્ય રીતે આદિવાસી ગામોમાં ખાસ થતો નથી. મારી સામે જ તેજ કુટુંબની એક યુવાન બહેનને ઢીંચણ નીચે પાક થયો હોવાથી ખૂબજ દુઃખાવો થતો હતો જેથી કણસતી પડેલી આ બહેન ખૂબ દુઃખ સાથે રડતી હતી. જેનો કોઈ ઉપાય ન હતો. મેં તેમને સમજાવી દવાખાને મોકલવાનો પ્રયત્ન કર્યો પણ તે માન્યા નહીં તેનું કારણ આર્થિક સ્થિતિ જાણવા મળી કે દવાખાને લઈ જવા પૈસા જોઈએ. તે ક્યાંથી લાવવા વળી બીજા કેટલાક ભગત ભૂવાની દવા કરાવેલી પણ તેનાથી કંઈ સારુ થયેલું નહી વળી તેમના મનમાં એવો કોઈ વહેમ હતો કે આ પાક એવા પ્રકારનો છે કે તે મટી શકે નહીં. આમ તેની દવા કરવા અંગેની એટલી બધી ઉદાસિનતા હતી કે કોઈને પણ તે અંગે દયા આવી

જાય.ગામમાં દવાખાનું હોવાથી દવા કરી શકાય તેમ હતું. પણ ત્યાં પણ તે ગયા જ હતા અથવા શરુઆતમાં ગયા હશે સદભાગ્યે ત્યાં કામ કરતા કર્મચારી સાથે મુલાકાત થઈ તેમને મેં વિનંતી કરી તેમને કહ્યું કે દવાખાને આવે તો અમે તેમને પ્રાથમિક સારવાર આપી શકીએ તેમ છીએ પણ આવતા જ નથી. આમ આવું કેમ બને છે. તેનું કોઈ ખ્યાલ મને તે સમયે આવ્યો નહી પણ પાછળથી વિચારતાં એમ લાગે છે કે અધિકારીઓના વર્તન, તેમના ઉપર વિતેલા વિતકો, આર્થિક સ્થિતિ પૈસા વગર કઈ થાય જ નહી તેવું માનસ વગેરેને કારણે તેમો દવાખાને જતા પહેલા જ ગભરાતા હોય તેવું લાગ્યું.

વળી ગામ પણ ઊંડાણનું હોવાથી વિહીકલ વ્યવસ્થા પણ ખૂબ ઓછી છે. મારે પણ રાત્રિ મુસાફરી દૂધની ટ્રકમાં કરવી પડેલી ત્યારે તે ગામની મુલાકાત થઈ શકેલી.

<u>ફૂલસર :</u>

દેડીયાપાડાથી ૧૨ કિ.મી. ઉત્તરમાં આવેલું છે. ડુંગરો અને જંગલો વચ્ચે આવેલું આ ગામ એક રમણિય સ્થળ છે. ગામમાં જંગલનું પ્રમાણ ખૂબ સારું છે. વાંસ અને સાગ જેવા કિંમતી વૃક્ષાનું પ્રમાણ સારું છે. ફુલસર જવા માટેનો રસ્તો પાકો પણ સર્પાકાર છે. વચ્ચે એક નદી ઓળંગવી પડે છે. તેનું નામ છે. તરાવનદી. આ નદી ઉપર પુલ બાંધેલ ન હોવાથી ચોમાસામાં આ ગામોનો વાહન વ્યવહાર બંધ થઈ જાય છે. બસ પણ ચોમાસામાં ચાલતી નથી. ગામ ટેકરીઓની વચ્ચે વસેલું છે. ખુલ્લી જમીનમાં ખેતરો છે. મુખ્ય વ્યવસાય ખેતી છે. જોકે ખેતીની જમીનમાં કોઈ વધારો થઈ શકે તેમ નથી. એટલે કે ચારેબાજુ જંગલ આવેલું છે એમ

એટલે સપાટ મેદાની વિસ્તારની જેટલી જમીન છે તેમાંજ ખેતી થાય છે. ખેતી સંપૂર્ણ બીન પિયત છે, મુખ્ય પાક જુવાર, દેશી ડાંગર, તુવર બંટી છે. ૬૦ થી ૭૦ ઘરોની વસતિ ધરાવતા આ ગામમાં ૧ થી ૪ ધોરણની પ્રાથમિક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન, જંગલ સહકારી મંડળી તથા જંગલ ખાતાના કવાર્ટસ આવેલા હોવાથી તેમજ લગભગ જથ્થામાં વસવાટ હોવાથી પ્રથમ ખૂબ સુવ્યવસ્થિત ગામ હોય તેમ લાગે.છે. ઘરો પ્રમાણમાં મોટા અને સારા હતા. ઘરો ઉપર દેશી નળિયા તેમજ વિલાયતી નળીયાં ઢાંકેલા હોવાથી ગામ અંગેની પ્રથમ છાપ આર્થિક દ્રષ્ટિએ સારી સ્થિતિ ધરાવતા ગામ તરીકે પડે જોકે ગામ સંપૂર્ણ કુદરતી વાતાવરણમાં અને જંગલમાં હોવાથી ભારતના ગામડાઓની જે વ્યવસ્થા હોય છે. તે રીતનો જ બધો વ્યવહાર થતો જોવા મળે, ગામમાં બેવાર બસ સુવિધા ઉપલબ્ધ છે. પણ તેના ટાઈમમાં ફેરફાર થઈ શકે છે. જોકે આ ગામ પછી નર્મદા સુધીના ધાટમાં ખૂબ ધનિષ્ટ જંગલ છે તેવું જાણવા મળેલું. આ જંગલોમાં રીંછ, વાઘ, વગેરે હિંસક પ્રાણીઓ પણ રહે છે. જે રીંછ માટે અભ્યારણ બનાવાની પણ કેટલાક ગામના નાગરિકોએ જણાવેલું અને તેમનું ગામ ખાલી કરવાની વાત ચાલે છે. તે અંગેની ચિંતા કરતા પણ કેટલાક નાગરિકો હતા.

ઘરોની બાંધણી બીન આદિવાસીઓ જેવી હતી. વાંસ અને લાકડાનો ઉપયોગ કરી ઘર બનાવે છે. તેમાં દિવસ વાંસની બનાવે છે. લાકડા ઉપર કોતરકામ કરી ખૂબ કલાત્મક બારણા પણ બનાવે છે. કેટલાકતો પાટીયાપાડી મેડાની વ્યવસ્થા પણ ઘરમાં ઉભી કરે છે. આમ ખૂબ સુવ્યવસ્થિત ઘરો જોવા મર્યા.જોકે ઢોર માટે બાજુમાંજ છાપરું બનાવે છે. ગાય, ભેંસ, બળદ, બકરો , મરઘાં પાળે છે. ટોપલા ટોપલીઓ જાતે જ ચોરસ બનાવી , સુવા માટે ખાટલાનો

ઉપયોગ કરે છે. જેની દોરી ભીંડીના રેસામાંથી બનાવે છે. આમ આ જંગલના ઊંડાણમાં હોવા છતાં ખૂબ આયોજન બધ્ધ પરો અને વ્યવસ્થા જોવા મળી. સંપૂર્ણ આદિવાસી વસાવા જાતિની વસતિ છે અને મુખ્ય વ્યવસાય ખેતી પશુપાલન છે. ગામમાં હાઈસ્કુલ સુધી ભણેલો એક પણ વ્યક્તિ નથી, એક ભાઈ સ્થાનિક પોસ્ટની વહેંચણીમાં કામ કરે છે. તેઓ ૪ ધોરણ સુધી ભણેલા છે.

## પ્રકરણ - ૩

## વનસ્પતિ દવા અંગેના ખ્યાલો

વનસ્પતિ દવા જાણકાર વ્યક્તિને આ વિસ્તારમાં ભગત ભૂવો અથવા બડવાના નામે ઓળખવામાં આવે છે. ભગતો બે પ્રકારના હોય છે. કેટલાક દેવના મંત્ર અને વિધિ સાથે દવા કરે કેટલાક ફક્ત વનસ્પતિ દવા જ કરે દેવ કરે નહી. આ વિસ્તારમાં વનસ્પતિ દવાને ઓહરિયાં '' નામે ઓળખાવામાં આવે છે. વનસ્પતિ દવા જાણકાર વ્યક્તિઓ પોતાના ખાસ માણસને જ દવા બતાવતા હોય છે. બીજા કોઈને તે બતાવતા નથી. ખાસ કરી વિશ્વાસુ કે કુટુંબના જ એક સભ્યને તે બતાવતા હોય છે. કુટુંબનો એક સભ્ય જાણતો હોય તો બીજો કોઈ સભ્ય તે શીખવાની ઈચ્છા રાખતો નથી પણ તે જાણે છે તેમ કહી તેની પાસેથી જ દવા મેળવે છે. મુલાકાત લીધેલ ભગત ભૂવાઓને પૂછવામાં આવ્યું કે તમે આ જાણકારી ક્યાંથી મેળવી ત્યારે જુદા જુદા જવાબો મળ્યા હતા તેમાં '' કાકા !' '' બાપ-દાદા '' '' મામા '' '' મદારી '' '' બીજા પાસેથી '' '' ગોવાળ '' એક બીજાનું જોઈને વગેરે જવાબો મળ્યા હતા. ભગત ભૂવા પોતાને વિશ્વાસ પડે તેને જ શિખવતા હોય છે.

જાણકાર વ્યક્તિઓ અમુક ચોક્કસ દવાઓ માટે વિધિ પણ કરતા હોય છે. તેમના જણાવ્યા પ્રમાણે દર્દીને રોગ મટે ત્યારે ઈંડું કે મરઘીનો ભોગ પણ આપે છે. એક ભગતના જણાવ્યા પ્રમાણે દવા મેળવવા જાય ત્યારે ખાસ વિધિ કરવામાં આવતી નથી પણ

વરસાદ પડે ધરતી ઉપર નવી વનસ્પતિ ઉભી નીકળે ધરતી હરિયાળી બને એટલે કે આ વિસ્તારમાં તેનો લીલી સાડી ઓઢે ' તેમ કહેવામાં આવે છે.

ત્યારે સમગ્ર વનસ્પતિ દવાને પૂજવામાં આવે છે. ઇંડું તેમજ મરઘીનો ભોગ આપવામાં આવે છે. આમ વર્ષમાં એકજવાર બધીજ વનસ્પતિને ભોગ આપી દેવાનો હોય છે. પછી આપતા નથી. નાગ કરડે કે ઝેર ચઢે તેવા જાનવરમાં બાધી/માનતા માનવામાં આવે છે. સાથે શ્રીફળ ચઢાવવામાં આવે છે. એક ગામમાં તો ભાથીજીનો ભૂવો ધૂણી નાગનું ઝેર ઉતારે છે. ત્યારે અગરબતી, શ્રીફળ ચઢાવે, વાજીંત્ર વગાડતા વગાડતા ભૂવો ધૂણે અને ઝેર ઉતારે, નાગ કરડેલ વ્યકિત ઉપર સફેદ ધોતિયું ઓઢાડેલું હોય છે તે પાછળથી ભગત લે છે. ઢોલ વગાડનાર કે ભગતના સાથે રહેનાર વ્યકિતએ ખાડીમાં કે કૂવે સ્નાન કરી ભીના કપડા એ ભાથીજીના '' થાનકે '' આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ગડદા ગામમાં આવા બે કિસ્સા બનેલા દર્દીઓ બીજા ગામના હતા. ભગત વનસ્પતિ દવા પણ જાણતો હતો, વનસ્પતિ લેવા જાય ત્યારે કોઇ બીજી વ્યકિતને સાથે લઇ જતા નથી. દવા લેવા જાય ત્યારે દવા ઉપર પડછાયો પડવા દેતા નથી. પડછાયો પડેલી દવા કામ આપતી નથી તેમ માનવામાં આવે છે. દવા સુંઘવાથી પણ કામ આપતી નથી. તેમ માનવામાં આવે છે, વનસ્પતિ દવા જાણકાર વ્યકિતઓ વનસ્પતિ દવાનો ખૂબ કાળજીપૂર્વક ઉપયોગ કરે છે. કેટલાકના મત પ્રમાણે ગામ નજીકની દવા ઓછી અસરકારક હોય છે. જયારે દુર જંગલની દવા વધારે કામ આવે છે. કેટલાક વડીલોનું કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં ચોખ્ખી હવા, સાદો પૌષ્ટીક ખોરાકના કારણે

અહીંના આદિવાસીઓમાં હઠીલાં દર્દો ભાગ્યે જ થતાં. દવા તરીકે ઉપયોગમાં આવતી વનસ્પતિનો ઈમારતી લાકડાં જલાઉ લાકડા તરીકે ખૂબ ઓછો ઉપયોગ થતો હોવાથી તે જંગલમાં ટકી રહે છે. દવા તરીકે વપરાતી વનસ્પતિમાં છોડ અને વેલનું પ્રમાણ વિશેષ હોય છે. તેથી પણ ટકી રહે છે. વળી દવા જાણકાર છોડના જે ભાગનો ઉપયોગ થતો હોય તે ભાગનો જરૂર પૂરતો જ એક બાજુથી ખોદી કાઢી લાવે છે. પછી માટીથી તેને પાછો ઢાંકી દેવામાં આવે છે. જેથી આખા છોડ કે વેલો નાશ થતો નથી. આમ પણ તે ટકી રહે છે. જોકે બકરી કે ઢોર તેને ખાઈ જાય પણ ફરીથી થઈ શકે છે. આમ વનસ્પતિ દવાનો સંપૂર્ણ નાશ થઈ જાય છે. તેમ માનવા તૈયાર નથી.

કુટુંબ નિયોજનમાં ઉપયોગમાં આવે તેવી દવા ખૂબ સારી રીતે જાણે છે. આ દવાથી કોઈ ઓપરેશન કે આડઅસરનો ભય રહેતો નથી. સ્થાનિક જાણકારો હોવાને કારણે તેમનામાં વિશ્વાસ રાખે છે.જયારે દવા ખાનામાં ડરે છે અને ભય રાખે છે. જો કુટુંબ કલ્યાણમાં વનસ્પતિ દવા અને સ્થાનિક જાણકાર વ્યક્તિઓનો ઉપયોગ કરવામાં આવે તો આ વિસ્તારોમાં વધારે સારું પરિણામ લાવી શકાય તેમ છે.

વનસ્પતિ ઉપરાંત પ્રાણીજ ઔષધિ પશુ, પક્ષી, જંગલી જાનવરોની ચરબી, શિંગડા વગેરેનો ઉપયોગ પણ અભણ આદિવાસી ખૂબ સહેલાઈથી સારી રીતે કરી શકે છે તે જાણીએ ત્યારે તેની આવડત ઉપર માન અને શ્રધ્ધા ઘણી જ વધી જાય છે.

દા.ત. શરીરના કોઈ ભાગમાંથી મુડદાલ લોહી બહાર કાઢવા માટે તેઓ કોઈ તળાવમાંથી જળો લઈ આવે છે. આ જળો લાવવાની રીત પાણીમાં જળો આવે તે માટે માટલામાં પ્રાણી સાથે લાવવામાં આવે જે જગ્યાએથી લોહી કાઢવાનું હોય તે જગ્યાએ જળો

વળગાડવામાં આવે. જળો મુડદાલ લોહી ચૂસી લે છે. પછી દર્દીને દવા કરવામાં આવે છે. હવે આ મુડદાલ લોહી જે જળોએ ચૂસી લીધુ તે જળો પણ બચવી જોઈએ તે માટે તેના મોં આગળ મીઠાનું પાણી કે મીઠાનો કાંકરો મૂકી તેના શરીરમાંથી મુડદાલ લોહી બહાર કાઢવામાં આવે છે. જળોના પાછળના ભાગને જરાજરા દબાવતા આવવાથી તેને જે લોહી પીધુ છે તે બધું જ મોં દ્વારે બહાર આવે છે. આમ જળો અને દર્દી બન્ને બચી જાય છે. આમ તેમની આ જાણકારી ખરેખર અદ્ભૂત છે તેમ કહી શકીએ. કોઈ બીજાના ભોગે બીજા પ્રાણીનો જીવ ન ન જાય તે બચે તે માટે આ એક ઉમદા પ્રયોગ કરવામાં આવે છે.

કેટલાક ભગતો એવું પણ જણાવે છે કે જરૂર જેટલી જ દવા લાવે છે. વધારે લાવતા નથી પણ ધંધાદારી લોકો આખું ઝાડ ઉઠાવી લેતા હોય છે. તેથી જલ્દી નાશ થાય છે.મોટાભાગે દવા આપવાનો સમય સવારનો વધારે પસંદ કરવામાં આવે છે. જોકે જરૂર પડે ગમે ત્યારે પણ દવા આપતા હોય છે. દર્દ પ્રમાણે કેટલીક ચીજો ખાવા આપતા નથી જેમાં ગરમ મસાલા, ભારે ખોરાક , માંસ, લસણ, ડુંગળી, વગેરે ખાવાની મનાઈ કરવામાં આવે છે. દર્દીને ક્યારેક તો દારૂ પણ પીવાની મનાઈ હોય છે. આ ઉપરાંત અન્ય વિસ્તારોમાં ડામ મૂકવાની પ્રથા છે. તે અહીં પણ જોવામાં આવે છે. નસ પકડાઈ જાય કે ઢોરને હાંફણીનું દર્દ થાય તેવા દર્દોમાં કપડાની દીવેટ બાળી ડામ દેવામાં આવે છે. ઢોર માટે લોખંડના દાતરડાનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય વિસ્તારની માફક બાળકની નજર પણ ઉતારવામાં આવે છે. વાળ, મરચું, મીઠુ વગેરે બાળક ઉપર ઉતારી રસ્તા ઉપર મૂકવામાં આવે છે. આ વિસ્તારની વિશેષતા એ જોવા મળે છે કે મોટાભાગના પુરુષોના કાનની નસ વિંધાએલી હોય છે.

કયારેકતો તે બાળપણથીજ ખિંધાવે છે તેના કારણમાં એવું જાણવા મળે છે કે ડુંગરા ચઢ ઉતર કરવાના હોવાથી અંડવૃધ્ધિનો રોગ વધારે થાય છે. માટે તેમ કરવામા આવે છે.

વિસ્તાર આદિવાસી ભાષાવાર નામો જેમ જુદા જુદા હોય છે. તેજ રીતે અહી પણ વનસ્પતિ, દર્દ વગેરેના નામો પણ આ આદિવાસી ભાષામાં ગુજરાતીથી મળે છે. કેટલાંક સામાન્ય લેખાતી વનસ્પતિના નામો પણ જુદાં જુદા હોય છે. દા.ત. દુરાઇયો- ધરો (લોન ), કસબો- કંદબ , થવો-થોર, ચીક- ગુંદર, ગુલક-ગુગરનો ગુંદર, તેજ રીતે દર્દના નામો પણ જુદાં જુદાં હોય છે. જેમાં વાઇ-મેરધી દમ-વાવડી, કંઠમાળ- કાંગરુ, તાવ-મોજારો, પીળીયો -નાજુદ, આંચકી- હીંચકાવાળું દર્દ, વગેરે જુદાં જુદાં નામોથી ઓળખાવે છે. તે જ રીતે પશુ પંખીના નામો પણ જુદા હોય છે.

કુલી - શિયાળ

બુટી - ખીસકોલી

ધોડી - ઘો

એકયુપ્રેશર દાબ-વિધાની યાદ અપાવે તેવો એક પ્રયોગ ગર્ભપાત માટે વપરાય છે તેમાં પેટ ચોળી ચૂટી ખણી ગર્ભપાત કરવામાં આવે છે. આ પધ્ધતિથી ગમે તેટલા માસનો ગર્ભપાત કરી શકાય છે. જોકે દરેક આ દવા જાણતા નથી. આવી પધ્ધતિ સ્ત્રીઓ અથવા દાયણો જાણતી હોય છે. પરિણિત સ્ત્રીનો ગર્ભ પાડવામાં આવતો નથી. ગર્ભપાત કરવો તેને પાપ ગણવામાં આવે છે. જેના કારણે ગર્ભપાત ઘણો ઓછો થાય છે.

માટીનો ઉપયોગ પણ કરવામાં આવે છે. '' લાગ માટી '' તરીકે ઓળખાતી માટી છે. જે ભેજવાળી જગ્યાએ હોય છે. પાણી ઉપર થી નીચે પડે તેના પડવાના કારણે થોડુંદૂર માટીનાં બિંદુ બાજી માટીના ઊંચા થર થાય છે, તે માટી હાડકું ભાગે તેમાં વપરાય છે. તે માટી લાવી હાડકું બેસાડી બાંધવામાં આવે તો એકજવાર બાંધવા થી આરામ થાય છે. થોડીક ખાવા પણ આપે છે. આ માટીનો ગુણ એટલો બધો છે કે ગર્ભિણી સ્ત્રીને માટી ખાવા આપવામાં આવે તો બાળક ગર્ભાશય સાથે ચોંટી જાય છે. એવી માન્યતા છે. જેથી આ પ્રયોગ તેના ઉપર કરવામાં આવતો નથી. તેવી સ્ત્રીઓ માટે બહારના ભાગમાં જ લેપ કરવામાં આવે છે. ખાવા આપવામાં આવતી નથી.

અન્ય વિસ્તારોની જેમ અહીંના ભગતભૂવા પણ દર્દી પાસેથી કંઇ લેતા નથી. પૈસા લેતો દેવ રૂઠે તેમ માને છે. પણ દર્દી ખુશી થઇને કંઇ આપે તો લે ક્યારેક ભગતને ખવડાવે છે અને દારૂ પાવામાં આવે છે.

માન્યતા :

કોઢની દવા કેટલાક ભગતો કરતા નથી તેમ માને છે કે કોઢની દવા કરવાથી તેનો કોઢ પોતાને લાગે છે.

રીંછ જંગલમાં મળે ત્યારે રીંછ પહેલા માણસ બરાડે તો રીંછ પાછુ વળી જાય છે. જો માણસ પહેલાં રીંછ બરાડે જે માણસ ઉપર હુમલો કરે છે. નાના ઝાડ ઉપર રીંછ ચઢી શકતું નથી.

હવે આ વિસ્તારના જુદા જુદા ગામોના જાણકાર વ્યક્તિ ઓ પાસેથી વનૌષધિ અંગેની જે માહિતી મળી છે તે વિગતે જોઇએ તો તેમની આવડત, સમજ અને જાણકારીનો વધુ ખ્યાલ આવશે.

વનૌષધિની બીજા અહેવાલોની જેમ આ અહેવાલમાં પણ પુનરાવર્તનનો દોષ રહેલો હશે પણ માહિતીની ચોકકસતા માટે રહેવા દેવામાં આવ્યો છે. તેમ જાણવું.

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | પાડીમૂળ | | | ઉલટી થતી હોય | તાત્કાલિક | માલ સામોટના જંગલમાં બારેમાસ મળે | બન્નેના મૂળ લાવી - વાટી, પાણી સાથે એક કપ જેટલું પાઈ દેવું | | પાડીવેલનાં પાન ગોળ હોય છે. સફેદ સુંદર નિકળે છે. |
| ૨ | દૂધિયુંમૂળ | | | | | ચોમાસામાં વેલ થાય છે. | | | દૂધિયું વેલનાં પાન લાંબા હોય છે. પાનની નસોમાં સફેદ પટ્ટા હોય છે. બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | મૂહલી | | | આંખમાં ફુલ પડે તેમાં | બે ચાર દિવસમાં | જંગલમાં બારે માસ મળે, જમીનમાં ગાંઠ રહે છે. | મૂહલીનું મૂળ લાવી - સાફ કરી ઘસી તેમાં જરાક સિંદુર મેળવી આંખમાં આંજવું. | | છોડ થાય છે. પાન નાની ખજૂરી જેવા થાય છે. ચોમાસામાં વધારે થાય. ગાંઠ જમીનમાં બારેમાસ રહે છે. |
| ૩ | (૧) ખજૂરી | ખજૂરી | ફિનિક્સ ડેક્ટીલિફેસ | સીતળામાં (કુખીયાનું દર્દ) | બે ત્રણ દિવસમાં | સામાટે જંગલમાં બારેમાસ | ત્રણેના મૂળ લાવી - સાફ કરી વાટીને પાણીમાં રાખવાના જે તે પાણી શરીરે ચોપડવું અને થોડું પીવાથી દર્દ મટે છે. | | (૧) ખજૂરીનું મોટું ઝાડ હોય છે. લાંબા પાન આવે છે. ખજૂર લાગે છે. |
| | (૨) ગાગેદા | ગંગેટી | ક્રિસિમા પાયુલિફોલીઆ | | | | | | (૨) ગાગેદા-મોટું ઝાડ આવે છે. લાંબા ટોપરું આકારના પાન આવે છે તેના ફુલ ખાઈ શકાય છે. |
| | (૩) અંકોલી (અકવા) | અંકોલ | એલન્જિયમ લમારકી | | | | | | (૩) અંકોલા મોટું ઝાડ છે. મહુડા જેવા પાન આવે. શરૂઆતનું ઝાડ કાંટાળું હોય છે. મોટું થાય ત્યારે કાંટા રહેતા નથી. ફળ આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪. (૧) | જાંમુડો | જાંબુ | પુજેનિયા જેમ્બાલેના | ઝાડા માં | ત્રણવાર પાવાથી | જંગલમાં ખેતરમાં બારે માસ | જામુંડાનું છાંડું /મહુડાનું છાંડું અગરવેલનું મૂળ આ ત્રણે લાવી મિશ્ર કરી વાટી ૧૦૦ ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી આરામ થાય છે. | - | જામુડા અને મહૂડાનાં મોટાં ઝાડ થાય છે. અગરવેલ તૈલસ્વરૂપે હોય છે. |
| (૨) | મહુડો | મહુડો | બેસિયા લૅટીફોલિયા | | | | | | |
| (૩) | અગરવેલ | | | | | | | | |
| ૫. (૧) | બાંદરાનું ઝાડ | | | ઘા પડેલો હોય તે ઉપર | એક અઠવાડીયામાં | સામોટ જંગલમાં બારે માસ | બન્ને ઝાડનાં છાંડાં લાવી સૂકવી ભૂકી કરી ઘા ઉપર ભભરાવાય છે.પાણી નાખવું નહીં. | દાઝી ગયેલા ઉપર પણ ઉપયોગી આવે છે. | મોટા ઝાડ આવે છે. પાતરા લાંબા પાન આવે છે. |
| (૨) | મંડારાનું ઝાડ | | | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૬ | (૧) આંબાહળદર<br>(૨) નિલગિરી | આંબા હળદર | કર્ક્યુમા એરોમેટિકા | ઢોરના આફરા માં | એક બે વાર પાવા થી | બારે માસ જંગલ માં (દુકાને પણ મળે) | આંબાહળદરનું મૂળ અને નિલગિરીના પાન મીક્ષ કરી વાટીને ૫૦૦ ગ્રામ જેટલું પાઈ દેવાથી આરામ થાય છે. | - | આંબાહળદર દક્ષિણ ગુજરાતમાં ખેતરોમાં થાય છે. નિલગિરિ દરેક જગ્યાએ થાય છે. |
| ૭ | (૧) ગુંદીપાનુ મૂળ<br>(૨) દમસાનો છોડ<br>(૩) લીંબોળી | લીમડો | એઝાડિરેકટા ઈન્ડિકા | દમ | બે દિવસ માં | બારે માસ પાણી વાળી જગ્યાએ મળે. | ગુંદી પાનું મૂળ દમસાનો આખો છોડ લીમડાની લીંબોળી મીક્ષ કરી એક કપ જેટલું પ્રવાહી બનાવી દિવસમાં બે વાર પીવાથી આરામ થાય છે. | - | ગુંદીયાનો છોડ પાણીમાં થાય છે. ઊભી સાંટીમાં જેવો છોડ છે. દમસા વેલ જેવો છોડ જમીન સાથે રહે છે. લીમડો મોટું ઝાડ છે. તેની લીંબોળી ચોમાસામાં વધારે મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | (૧) આંબાનો વાંદો<br>(૨)ટીમરુંનો વાંદો<br>અથવા<br>(૩)અતરાનો વાંદ<br>અથવા ફળ | આંબાનો વાંદો<br>ટીમરુંનો વાંદો | લોરેન્થસ લાંગિફોલિયસ | ગર્મીથી લુ લાગે તેમાં | એક વાર પાવાથી | જંગલમાં બારે માસ | બંને વાંદો લાવી બીયાં લસોટી પાણી સાથે પાવાથી આરામ થાય છે. | - | વાંદોએ ઝાડ ઉપર થતી પરોપજીવી વનસ્પતિ છે તે ડાળ ઉપર ઉગી નિકળે છે. |
| ૯ | (૧) હમરનું શિંગ<br>(૨) કાકડનું છાંડુ<br>(૩)ખાખરાનુ છાંડુ<br>(૪) ટેટવાનુ છાંડુ | સાબરશિંગ<br>ખાખરો | બ્યુટિયા ફ્રોંડોઝા બ્યુટિયા મોનોસ્પર્મા | વાના દર્દમાં | ત્રણ પાઠામાં વા મટે છે. | બારે માસ | ત્રણે ઝાડનાં છાંડા અને સાબશિંગ મીક્ષ કરી વાટી દેવતા ઉપર ગરમ કરી.અંદર થોડુંક મીઠું નાખી ચોપડવાથી આરામ થાય છે. | પેટમાં દુઃખતુ હોય તો ચોપડવાથી આરામ થાય છે. | સાબર પ્રાણી છે. તેના શિંગડા મોટા આવે છે. બાકીના ત્રણે મોટા ઝાડ થાય છે.જંગલમાં બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | (૧) મધુલો<br>(૨) સરવેહ<br>(૩) રાડો | રગત રોહીડો | રેમનસ વાઇટોઆઇ | ગર્ભપાત માટે | બેત્રણ વાર પાવા થી | સામોટ ના જંગલમાં બારે માસ (રોહોડો ત્યાં હવે નથી) | મૂછલાનું છાંડું /રોહીડા - નું છાંડું અને સરવેહનું મૂળ ત્રણે મીક્ષ કરી એક કપ મહુડાના ચોખ્ખા દારુ સાથે પાવાથી સાત માસ સુધીના ગર્ભ નાશ થાય છે. | | મૂધુલો મોટું ઝાડ આવે છે. લીમડા જેવા પાન આવે છે. સરવેહ-છોડ આવે છે.ચોમાસા માં થાય છે. રગતરો હીડો મોટું ઝાડ એ આવે છે. છાલ કાપવાથી લાલ નિકળે છે. |
| ૧૧ | ભોટીંગણી | ભોય રીંગણી | સોલેનમ ઝેંથોકાર્પસ | દમ | ૧૫ દિવસ માં | દરેક જગ્યાએ ખેતર/ જંગલ માં બારે માસ થાય | તેના પાંચ અંગો એટલે કે - મૂળ ડાળ, ફૂલ, પાન બરાબર સાફ કરી ટુકડા કરી ૫૦૦ ગ્રામ પાણીમાં નાખી ઉકાળવું ૧૦૦ ગ્રામ રહે પછી ગાળી લઇ બોટલમાં ભરી લેવું.સવારે બે ચમચી થી પીવાથી દમનો રોગ દુર થાય છે. | | ભોરીંગણીનો છોડ આવે છે. તેના છોડને પાનને થડને કાંટા હોય છે. ફળને કાટા હોતા નથી. ગોળ ફળ લાગે છે.પાકે ત્યારે પીળા થાય છે. ઘણાંજ કડવા હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | આંબાની મંજરી | આંબાનો માળ | મેંગીફેરા ઈન્ડિકા | મોં આવી ગયું હોય તેમાં | તાત્કાલિક | ઉનાળામાં દરેક જગ્યાએ | આંબાનો માળ(ફૂલ) સાથે નાની કેરી હોય છે તેને મંજરી કહેવામાં આવે છે. તે ચાવવાથી મોં આવેલું હોય તો આરામ થાય છે. | - | આંબો મોટું ઝાડ આવે સર્વત્ર જોવા મળે છે. |
| ૧૩ | થોરનું દૂધ | થોરનું દૂધ | યુફોર્બિયા નેરી ફોલિયા | નાના બાળકોને વાના દર્દમાં (પેટ ફૂલી જાય, આંકડી આવે શ્વાસ ચઢે તેવા બાળકોનું દર્દ ફરે છે) | બે ત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બારે માસ | માસની અગિયારસથી પૂનમ કે અમાસ સુધી થોરનું દૂધ પેટ ઉપર ચોપડવાથી બાળકોનું આ દર્દ દુર થાય છે. | - | થોર કાંટાવાળો આવે છે. દરેક જગ્યાએ થાય છે. વાડ કરવા વપરાય છે. કાપમા દૂધ નિકળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ઘાસડોડો (દેવ બાજરો) | ઘા બાજરિયું પાન બાજરિયું | ટાઈફા એલેફન્ટિયાત | ઘા ઉપર | એકવાર લગાડવાથી | બારેમાસ નદી કે પાણીવાળી જગ્યાએ | ઘા પડે કે તરત જ ઘા બાજરિયાનું રૂ ઘા ઉપર લગાડવાથી ઘા પાકતો નથી અને તાત્કાલિક લોહી બંધ થઈ જાય છે. | – | બાજરી જેવો છોડ થાય છે. તેને બાજરી જેમ કણસલું લાગે તેનો ઉપયોગ થાય છે. નદી કિનારે પાણીવાળા જગ્યાએ કિનારે થાય છે. |
| ૧૫ | આંબાની ગોટલી | કેરીની ગોટલી | મેંગીફેરા ઈન્ડિકા | ચોમાસામાં થયેલ ઝાડા | એક દિવસમાં | રાખી મૂકી હોય તો | કેટલાક અથાણા સાથે ગોટલી રાખી મૂકે છે. જેથી સચવાઈ રહે અને ચોમાસામાં ઝાડા થાય તો ગોટલી કાઢી ચાવવા આપે છે. | – | આંબાના ગોટલાની અંદર ગોટલી આવે છે. ( આ પ્રયોગ દક્ષિણ ગુજરાતની અથાણું નાખવી પ્રથામાં વધારે જોવા મળે છે. ) |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | (૧) થેવો<br>(૨) ચિત્રો<br>(૩) પાડ<br>(૪) ખાખરાનું મૂળ | થોર<br>ચિત્રક<br><br>ખાખરો | યુફોર્બિયા<br>પ્લંબેગો મિલેનેકા<br><br>બ્યુટ્રિયા,<br>ફોંડોઝા<br>બ્યુટ્રિયા<br>મોનોસ્પમર્ઈ | રકતપિત ( ચાંદા જેવા દર્દમાં ) | ત્રણ માસ સુધી માં | માલ સામાટે સહૃદ વિસ્તારમાં બારેમાસ | કાંટા વગરના થોરનું થડ કે ડાંડો, ચિત્રાનું મૂળ પાડવું મૂળ અને ખાખરાનું મૂળ ( ખાખરો ત્રણ થી ચાર વર્ષનો હોવો જોઈએ.) ચારે ચિજો મેળવી ઝીણી વાટી મહિનામાં એકજ વખતે અમાસ કે પૂનમ ના દિવસે એક ગ્લાસ જેટલું પાવાથી આરામ થાય છે. ક્યારેક એકવાર પાવાથી પણ આરામ થાય છે. | પાડના મૂળ પેટમાં દુ:ખે તેમાં પણ ચાલે છે. | થોર-કાંટાવગરનો આવે છે. પાંચ ફૂટ ઉંચો થાય છે. પહાડમાં થાય છે. થોર જેવા જ પાન હોય છે.<br>- ચિત્રો -વેલને લીંબુના પાન જેવાં પાન આવે છે. બારેમાસ મલે છે.<br>- પાડ વેલ આવે છે. ઝાડ ઉપર ચઢે છે. સુતર જેવી દોરી આવે છે. ટૂંકાપાન આવે, જીણા ગોળ ફળ આવે છે. ખાખરો મોટું ઝાડ આવે છે. બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | કનબો | કલમ | | અડધા માથાના દુ:ખાવામાં/ આધા સીસી | એકજ વાર માં | બારે માસ માલ સામાટે ના જંગલમાં | કુમળો ડુંખ ચોળીને રસ કાઢી જે બાજુનું માથું દુ:ખતું હોય તેની વિરુધ્ધ ના નાકમાં બે ટીપાં નાખવાથી તાત્કાલિક આરામ થાય છે. | - | કનબો મોટું ઝાડ આવે છે. મહુડાના જેવા પણ ટૂંકા પાન આવે છે. ઝૂમખામાં ફૂલ આવે છે. જંગલમાં બારેમાસ મલે છે. |
| ૧૮ | ખવચ | કવચ | મ્યુકયુના પ્રુરિયન્સ | આંતરિયો તાવ (વારીયો તાવ ) | એક વખર પહેર વાથી | જંગલ ખેતરમાં બારે માસ | કવચના વેલાનો વેલો તોડી તેની વિંટી બનાવી આંગળીમાં પહેરાવવાથી એકાંતરો તાવ મટે છે. | - | કવચ વેલ આવે છે. તેને પાપડા આવે છે તેના ચેપથી ચળ આવે છે. |
| ૧૯( ૧) ખવચનુંબી | | કવચનું બી | મ્યુકયુના પ્રુરિયન્સ | વિંછીના ડંખ ઉપર | તાત્કા લિક | રાખી મુકેલી હોય તો ઘરમાંજ મળે | બન્નેના બી ઘસી ડંખ ઉપર મુકવાથી ઝેર ચુસી લે છે. એક એક પણ ઘસી મુકી શકાય. | - | કવચ વેલ છે. |
| ( ૨)આંબલીનું બી | | કચુકો | ટેમેરીંડસ ઈન્ડિકા | | | | | | - આંબલી મોટુ ઝાડ છે. ખાટી આંબલી દાળ શાકમાં વપરાય છે. કચુકા સેકી ખાઈ શકાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | -- | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | કવલાનું ઝાડ | | | કમળો | અઠવાડીયામાં | માલસામાટે જંગલમાં બારે માસ | તે ઝાડનું છાંડુ લાવી છુંદી દર્દીનો થોડું પીવડાવવું ત્યાર પછી વધારે પાણી કરી તે પાણીથી સ્નાન કરાવવું | XX અશક્તિ અને શરીર ફીકુ પડે | કવલો મોટું ઝાડ આવે છે. ચિકણા લાંબા પાન આવે છે. લોટીવાળા પાન હોય છે. |
| ૨૧ | મારેયો જીંજીડો | | | ગુમડા ઉપર | બે ત્રણ દિવસમાં | ખેતર, જંગલમાં બારે માસ | તેનું મૂળ લાવી ઘસી ગુમડા ઉપર લગાડવાથી થતું XXગુમડું હોય તો બેસી જાય છે.અને પાકેલું હોય તો ફૂટી ને મટી જાય છે. | - | એક બે ફૂટ ઊંચો છોડ આવે છે. ફળ આવે તેમાં કાંટા હોય છે. શિયાળામાં થાય છે. |
| ૨૨ | ચિતરો | મા સિતરો | બોડિનિયા ટાઇસમોસ્મા | ઘા | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારે માસ | તેનું છાંડુ કાઢી ઘસી ઘા ઉપર લગાડવાથી ઘા પાકતો નથી અને આરામ થાય છે. | - | ચિતરો મોટું ઝાડ આવે છે. તેના પાન બીડી બનાવવામાં વપરાય છે. બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | પાંડોમાટી (સફેદમાટી) | | | ભાગેલું હાડકું સાંધવા માટે | અઠ વા ડીયા માં | પાણી ઉંચાઈ થી પડતું હોય તેવાં કોતરો માં મળે છે. | સફેદ માટી આવે છે. તે પાણી વાળી જગ્યા એ આપોઆપ ફૂટી નિકળતી હોય છે.ઉંચી ઉભી હોય છે. ત્યાં કોઈવસ્તુ મૂકવામાં આવે તો વસ્તુ સાથે ચોંટી જાય છે. તે લાવી હાડકું બરાબર સાંધી તેના ઉપર લગાડી પાટો બાંધવો,થોડોક પાવાથી હાડકું સંધાય છે. | | - આ સફેદ માટી પાણી પડતું હોય ત્યાં ઉભા આકારની હોય છે.તે થોડોક સખત હોય છે. ત્યાં સાંજે લાકડું મૂકવાથી સવારે તેના ઉપર તે માટી ચોંટી ગયેલી હોય છે. તે માટીનો જ ઉપયોગ કરવો. બધી જગ્યાએ મળતી નથી. આ પ્રયોગ ઘણા શિક્ષિત વ્યકિતઓએ પણ કરેલ છે. |
| ૨૪ | રગત રોહીડો | રગત રોહીડો | રેમનસ વાઈટી આઈ | કોઈ કારણ વસાત માસિક અટકેલું હોય તો (ગર્ભરહયા વગર ) | એક બે દિવસ માં | માલ સામોટે મહારાષ્ટ્ર ની સરહદ ના જંગલોમાં બારેમાસ | તેની છાલ લાવી વાટી - પાણી સાથે એક ગ્લાસ જેટલી પાવાથી પેટની ગર્મી દૂર થઈ દુઃખાવો દૂર થાય છે. | | મોટું ઝાડ આવે છે.અણીવારા લાંબા પાન આવે છે.તેના થડને સાંજે સોઈ ખોસવા થી સવારે આંગળી જાય છે. તેમ કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | દુરાઈયો | ધરો (લોન ) | સાઈ નોડન્ | ખાંસી | બેત્રણ વાર પાવાથી | બારે માસ દરેક જગ્યાએ | તેના મૂળ લાવી સાફ કરી વાટી પાણી સાથે પાઈ દેવાથી ખાંસુ મટી જાય છે. | - | ધરાએ પાસ છે.બગીચામાં ઉગાડવામાં આવે છે. કાયમ માટે લીલા પાન રહે છે. |
| ૨૬ | દમનો છોડ | | | દમ | પંદર દિવસમાં | મહારાષ્ટ્ર ના અહવા કુવા ગામે વધારે થાય છે. બારેમાસ મળે | તેના પાન અને છોડ (થડ)લાવી વાટીને પાણી સાથે પાવાથી દમનો રોગ મટે છે. એક ગ્લાસ જેટલું પાવું | - | ધા બાજરિયા જેવો છોડ આવે છે. પાણીમાં થાય છે.પાન ઝીણા આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | (૧) મદન (૨) રોહીડો | રગત રોહીડો | રેમનસ વાઈટી આઈ | બાળકો ન થતા હોયતો થાય તે માટે | બે ટાઈમ પાવા થી | સામાટે જંગલમાં બારે માસ | મદનના ઝાડનો ચીક (ગુંદર) અને રગત રોહીડાની છાલ બન્ને લાવી પાણીમાં મીક્ષ કરી એક ગ્લાસ પાઈ દેવું(૫૦ ગ્રામ જેટલો ગુંદર(લાવવો)માસિક પછીબે વાર પાવાથી ગર્ભ રહે છે અને બાળકો થાય છે. | - | મદન મોટું ઝાડ આવે છે. લીંબુના પાનથી મોટા પાન આવે છે. - રગત રોહીડો પણ મોટુ ઝાડ આવે છે. |
| ૨૮ | હેકટાની છાલ | સરગવો | મોરિંગા ટેરીગો સ્પર્મા | હાડકા દુઃખતા હોય તો | આરામ થાય ત્યાં સુધી | દરેક જગ્યાએ બારે માસ | સરગવાની છાલ લાવી સુકી અથવા લીલી ઘસી હાડકા દુઃખતા હોય તે ભાગમાં ચોપડવી આરામ થાય છે. | - | સરગવો મોટું ઝાડ આવી છે.જીણા પાન આવે છે. તેને લાંબી સિંગ આવે છે. તેનું શાક કરી ખાઈ શકાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | દારુડી | પીળો ધંતૂરો | | આંખ આવે તેમાં | એક વાર નાખવાથી | બારે માસ લગભગ દરેક જગ્યાએ | દારુડીની ડુંખ તોડવાથી-પીળું પ્રવાહી નીકળે તે આંખમાં નાખવાથી આંખ સારી થાય છે. (બળતરા ખૂબ થાય છે.) | | દારુડી ફૂટ બે ફૂટ ઊંચો કાંટાવાળો છોડ થાય છે. દરેક જગ્યાએ કાંટા હોય છે. પીળા ફૂલ આવે છે. રાઈ જેવા બી આવે છે. ઉનાળામાં પણ ઘણા મળે છે. |
| ૩૦ | આંબાનો ચીક | આંબાનો ગુંદર | મેંગીફેરા ઇન્ડિકા | દાઢ દુઃખે તેમાં | એક બે દિવસમાં | દરેક જગ્યાએ ખેતર/ જંગલમાં બારે માસ | આંબાનો ગુંદર લાવી દાઢ દુઃખે તે પોલમાં મૂકવાથી દાઢને કાઢીનાખે છે.અને આરામ થાય છે. | - | આંબો મોટું ઝાડ આવે છે.સર્વત્ર થાય છે. કેરી અમૃત ફળ ગણાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | કુડી | | | બહેરાશ દુર કરવા માટે | એક બે વાર મૂકવા થી | સામાટેના જંગલમાં બારે માસ | તેનું પાન લાવી ચોળી તેનું પાણી કાનમાં નાખવું અને ચોરેલું પાન કાનમાં મૂક વાથી બહેરાશ દુર થાય છે. પાકેલ કાન પણ સારો થાય છે. | - | કુડી ટગરી જેવું મોટું ઝાડ આવે છે. પાન લાંબા સાંકરા આવે છે. સફેદ ફૂલ આવે છે. |
| ૩૨ | ઘોડાનો પશીનો | | | મેરધી (વાઈ) | એકજ વાર પાવા થી | ઘોડા ખૂબ દોડી ને આવ્યો હોય તે તે પશી નો એકઠો કરવો | ઘોડાનો પશીનો મેળવવા ઘોડો ખૂબ દોડીને આવે પછી તેના શરીરે પશીનો છુટે તે કપડા અથવા રૂથી નાની શીશો માં મેળવી લેવો તેનો ઉપયોગ પાણી સાથે કરવો. | - | ઘોડાએ પાલતું પાણી છે. સવારી માટે ઉત્તમ છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩ | ઉંમરો | ઉંબરો | ફાઈકસ ગ્લોમિરેટા | સુવા રોગ માં | એકજ વાર પાવા થી | દરેક જગ્યાએ બારેમાસ જંગલ બગીચા | ઉંબરાના ફળ આવે તે પહેલાં તેને હાથો ફૂટે તેના ઉપર ફળ લાગે તે હાથો લાવો લીંટી પાણી સાથે ૫૦ ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી સુવાવડી બાઈને આરામ થાય છે. | - | ઉંબરો મોટું ઝાડ આવે છે. તેના ફળ નાના આવે બાળકો ખાવામાં ઉપયોગ કરે છે. જીવાત ઘણી પડે છે. બારેમાસ મળે છે. |
| ૩૪ | (૧) મોરયાજીંજુડો (૨) મહુડાનો હાથો | મહુડો | બેસિયા લેટીફોલિયા | ઝડપી પ્રસુતી માટે | તાત્કાલિક અસર | જંગલ માં બારે માસ | મોરયો જીંજુડાનો દાંડો અથવા મૂળ લાવી દોરાથી બાંધી પ્રસુતા બાઈના પગના અંગુઠે બાંધવાથી પ્રસુતિ જલ્દી થાય છે. પ્રસુતિ થાયકે તરત જ છોડી નાખવાનું હોય છે. મહુડાનો હાથો લાગે ત્યારથી પગ [illegible] (બન્ને [illegible]) | - | મોરપો જીંજુડો છોડ આવે છે. પાન નાના અણીવાળા આવે છે. ચોમાસે શિયાળે મળે. રક્ષણવાળી જગ્યાએ બારે માસ મળે છે. મહુડો મોટું ઝાડ આવે છે તેના [illegible] |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | કાટનો છોડ | | | નાના બાળકોને પેટમાં દુ:ખે તેમાં | તાત્કાલિક | જંગલમાં બારે માસ | તેનું મૂળ લાવી ઘસી કે વાટી બાળકની ઉંમર પ્રમાણે એકબે ઘુંટ પ્રમાણે પાવું. | - | કાટનો છોડ આવે છે. પાન અને ડાંડો કાળા આવે છે. મૂળ સફેદ આવે છે. પાણી વાળી જગ્યાએ વધારે થાય છે. |
| ૩૬ | દુધલીનો વેલો | | | સ્તનમાં દૂધ લાવવા માટે | એકાદ દિવસમાં | સામટેના જંગલમાં બારે માસ | વેલનો ડાંડો લાવી પાણી સાથે વાટીને પાવાથી સ્તનમાં દુધ આવે છે. | - | દૂધ લીનો વેલો આવે છે. પાન જીણા આવે છે. સફેદ ફૂલ આવે છે. |
| ૩૭ | આંબાનું પાન | આંબો | મેંગીફેરા ઇન્ડિકા | ખસ મટાડવા | અઠવાડીયામાં | દરેક જગ્યાએ બારે માસ | આંબાનું પાન બારી બકરીના દૂધમાં મીક્ષ કરી ખસ વાળા ભાગમાં ચોપડવાથી આરામ થાય છે. | - | આંબો મોટું ઝાડ આવે છે. બારેમાસ દરેક જગ્યાએ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | દેવમોરચી | | | દરાજ | ચઠ વા ડીયા માં | ચોમાસે શિયાળે જોયેલ હોય તો ઉનાળે | તેના પાન અથવા મૂળ લાવી ઘસી કે વાટી દરાજ ઉપર ચોપડવાથી દરાજ મટે છે. | - | મરચી છોડ આવે છે. તેના મૂળમાં કંદ બને છે. જંગલમાં થાય છે. |
| ૩૯ | હરડે | હરડે | ટરમિનેલિયા ચેલ્યુલા | ખાંસીમાં | એક બે વાર ઘસવાથી | શિયાળે જંગલમાં સામાટે ના દુકાને પણ મળે છે. | હરડેને પથ્થર ઉપર ઘસી તે આંગળી ઉપર લઈ ગળામાં ઘસવાથી ખાંસી મટે છે. | - | હરડે મોટું આબલી જેવું ઝાડ આવે છે. જીણા મૂલ આવે છે.. તેના ફળનો ઉપયોગ થાય છે. |
| ૪૦ | મધ | મધ | | આંખ આવે તો આંખ સાફ કરવા | બે ત્રણ વાર આંજવા થી | જંગલ માં બારે માસ | મધનું એક ટીપું આંખમાં આંજવાથી આંખ આવતો નથી.સાફ રહે છે.મધ ખાવાની શક્તિ આવે છે. | - | મધ એ જંગલી માખીઓએ બનાવેલું હોય છે.વનસ્પતિ ના રસમાંથી બનાવેલું હોવાથી ઘણું મોઠું લાગે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | (૧) ખજૂરીનો કંદ | ખજૂરી | ફિનિક્સ ડેક્ટીલિફેરા | ઓળી/ અછબડા માં | અઠવાડીયા માં | જંગલ માં બારે માસ | (૧) નાની ખજૂરીને ખોદવાથી અંદરનો કંદ લાવી વાટીને બાળકના શરીરે ચોપડવો અને એકાદ બે ઘુંટ પાવાથી ઓળી/અછબડામાં આરામ થાય છે. | – | ખજૂરી મોટી નાની બંને હોય છે. તેમાં બે ત્રણ વર્ષનો નાનો છોડ હોય તેનો ઉપયોગ કરવો. |
| | (૨) ગોગદો | | | | | | (૨) ગોગદાના મૂળ લાવી પણ ચોપડવામાં આવે છે. | | – ગોગદા ઝાડ છે. તેને કાંટાવાળું સિધુ પાન આવે છે. |
| | (૩) મહુડાનો ચોખ્ખો દારુ | મહુડો | બેસિયા લેટી ફોલિયા | | | | (૩) મહુડાનો ચોખ્ખો દારુ પણ ચોપડવામાં આવે છે. તેલ મરચું ખાવામાં આપતા નથી. ઘરમાં બનાવતા જ નથી. આ ત્રણે દવા અલગ અલગ થઈ શકે છે. સાથે કરતા નથી. | | – મહુડાનો દારુ જાતે બનાવી ઉપયોગમાં લેવાય છે. મહુડાના ફૂલમાંથી બને છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨ | વાગોરની પાંખ | વાગોર | | વાવડી ના દુ:ખમા (શ્વાસ ના લેવાતો હોય તો) | એક જ વાર માં | પક્ષી છે. રાત્રે ચારો ચરવા નિકળે છે. | વાગોળની પાંખને બારી ડામ દેવાથી વાવડીનું દર્દ મટે છે. | - | વાગોળ એ ચિબરી જેવું પણ મોટું પક્ષી છે તે રાત્રે જ પોતાનું સ્થાન છોડે છે. દિવસે ઊંધા માથે ઝાડ ઉપર લટકી રહે છે. |
| ૪૩ | શાહુડીની હોઝરી | સાહુડી | | નાના બાળકો ને વરાદના દર્દમાં | એક દિવસ માં | જંગલ માં | શાહુડીનો હોજરીને માતાના સ્તને કે બાળકોના આંગળા ઉપર ચોપડવાથી બારક તે મોં માં મૂકી ચુસે ત્યારે તેનો કસ પેટમાં જાય અને વરાદ નામનું દર્દ મટે છે. | - | શાહુડીએ જમીનમાં દર બનાવી રહેનાર પ્રાણી છે. પણ તેને પાંખ હોય છે. તેનો શિકાર કરવામાં આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૪ | પેરવું | પારેવું (કબુતર) | | લકવા | એક બે વાર ઉપયોગ કરવાથી શરુનો લકવો હોય તો એક પારેવા માં જ આરામ | દરેક જગ્યાએ પક્ષી છે. | પારેવાને મારી તેને પાણીમાં ઉકાળી તે પાણીથી દર્દીને સ્નાન કરાવવું અને પારેવાનું શાક કરી તેને ખવડાવી નાખવું તેના લોહીનો ઉપયોગ થાય છે. | - | પારેવું પક્ષી છે. ખાસ કરી ઘરો અને અવાવરૂ કૂવામાં રહે છે. શાંતિ દૂતના પ્રતિક તરીકે ઓળખાય છે. |
| ૪૫ | આન | | | હાડકુ ભાંગે અથવા મચકોડ આવે તેમાં | આઠ વાડીયા માં | જંગલ માં બારે માસ | પ્રથમ હાથપગનું હાડકું ચઢાવીને તેના ઉપર વાંસના પાપાટીયા બાંધી દેવામાં આવે છે. આનું મૂળ લાવી ઘસી તે ઉપર ચોપડી પાટો બાંધવો. | - | આન મોટુ ઝાડ આવે છે. તેના ફળ ખાઈ શકાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૬ | (૧) ભીંડાનુ મૂળ | ભીંડા | હિબિસ્કયુસ એસ્થુકલેન્ટસ | દાજી ગયેલા ઉપર | દાજી ગયેલ આધાર બે ત્રણ દિવસ માં તાત્કાલીક બળતરા દૂર થાય છે. | જંગલ [illegible] ગામમાં બારે માસ | દાજી ગયેલા ભાગ ઉપર ભીંડાનું મૂળ લાવી ઘસીને ચોપડવું –મરઘીના ઈંડાનો સફેદ ભાગ ચોપડવો – જીણી માખનું મધ પણ ચોપડવામા આવે છે.આ દરેક દવાનો અલગ ઉપયોગ થઈ શકે છે. – મંત્ર બોલી પણ અગ્નિ ઉતારવામા આવે છે. | – | ભીંડાએ છોડ છે. તેનું શાક થઈ શકે છે.ચોમાસે શિયાળે વધારે થાય છે. – મરઘીનુ ઈંડુ – મધ જંગલ કે ઝાડ ઉપર જીણી માખો મૂકે છે. (આ દરેકનો અલગ અલગ ઉપયોગ કરવો ) |
| | (૨) મરઘીનું ઈંડું | મરઘી | | | | | | | |
| | (૩) જીણી માંખનું મધ | કુતિયુ મધ | | | | | | | |
| ૪૭ | (૧) સિરમાલ | | | હડકાયું કુતરૂં કરડે તેમાં | તાત્કાલિક | સામાટે ના જગલમાં બારે માસ | સિરમાલના મૂળ અને બીલની છાલ મીક્ષ કરી એક કપ જેટલું પ્રવાહી બનાવી પાવાથી હડકવા થતો નથી. | – | સિરમાલ છોડ આવે છે.હથેળી જેટલા પાન આવે છે. – બોલ પણ છોડ આવે છે. એકે કાકોરવાળા જીણા પાન આવે છે. બારેમાસ મળે છે. |
| | (૨) બોલ | | | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૮ | હરમાલ | | | ગર્ભવતી માતાના પેટની પીડા ઉપડે ત્યારે | તરત જ | માલ ના જંગલમાં બારે માસ | તેના મૂળ લાવી સાફ કરી પાણી સાથે વાટીને એક પ્યાલો દારુ સાથે પાવાથી પીડા દુર થાય છે. (પાણી સાથે પણ પીવાથી ) | - | નદીનો છોડ આવે છે. ટૂંકા સાંકડે પાન આવે. |
| ૪૯ | ઉતાર | ઉટકટારી | એકીનાયેસ એકીનેટસ | મૃત ગર્ભ અથવા બાળક ગર્ભાશય માં મરી ગયેલું બહાર કાઢવા માટે | એકજ વાર પાવાથી | માલ સામોટ ના જંગલમાં બારે માસ | ઉતારના પાન લાવી વાટી એક ગ્લાસ જેટલું પ્રવાહી પાવાથી મૃતગર્ભ બહાર આવી જાય છે.અને ગર્ભાશય સાફ થઈ જાય છે. | - | ઉતાર છોડ છે. તેને દિવેલા જેવા ખાંચાવાળા પાન આવે છે. જંગલમાં બારેમાસ મલે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૦ | કાટુ | | | સ્ત્રીને પ્રસુતિ પછી આોળ પડે ત્યારે નાભીની ગાંઠ ખેંચાઈ આવે તે સમયે | તરત જ આરામ | જંગલમાં ચોમાસામાં વધારે મળે | કાટુના કાંટા લાવી વાટા કે ઘસી જયારે સ્ત્રીને જળ પડે ત્યારે નાભીની ગાંઠ ખસાય ત્યારે બે ત્રણ ચમચી આપવાથી આરામ થાય છે. | - | એક બે ફૂટ ઉંચો છોડ આવે છે. પાન લાંબા અને સફેદ આવે છે. ડાંડાપણ સફેદ આવે છે. ગોળ ગોળ ફળ આવે તેમાં કાટા આવે છે. |
| ૫૧ | જાંબુ | | | માથાના દુઃખાવામાં | એક જ વાર લગાડવાથી | જંગલમાં બારે માસ ખાડીમાં મળે. | તેના પાન લાવી ચોળી મેંદીની માફક કપાળે ટપકાં મૂકવા. વધારે લગાડવાથી ચામડી કાઢી નાંખે છે. | - | છોડ આવે છે. પાન આંબલી જેવા આવે છે. ચોમાસે વધારે થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૨ | (૧) સાયરો<br>(૨) લાગમાટી | | | બળદનો પગ ભાગી ગયો હોય તેમા -માણસ માટે લાગમાટી વપરાય છે. | મઠ વાડીયામાં | જંગલમાં બારે માસ | સાયરાના મૂળ લાવી વાટી ચોપડવા ઉપર લાગમાટી લગાડી પાટો બાંધી દેવો. | - | સાયરો વેલ આવે છે.તેને કાંટા હોય છે.ત્રણ પાંચા વાળુ પાન આવે છે.<br>- લાગમાટીએ માટી છે તે પાણીવાળી જગ્યાએ થાય છે. |
| ૫૩ | (૧) જેરડોડો<br>(૨) સાપ કાસળી | | | સાપના ઝેરમાં | બેવાર પાવાથી | બારે માસ માલ સામોટના જંગલમાં | બન્નેના મૂળ બેવાર પાવાથી આરામ થાય છે.ચાના પ્યાલા જેટલું પ્રવાહી આપવુ | - | જેરડોડો વેલ છે પાન લાંબા ચિભડાના પાન જેવા આવે છે.<br>- સાપ કાસળી પણ વેલ છે. ચિભડા જેવો વેલો આવે છે તેના ફળને લીસોટા આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪ | ચુટારિયો | | | ઘા ઉપર (લોહી વહેતું હોય જેમાં) | તાત્કાલિક લો.હો બંધ થઈ જાય છે. | બારે માસ જંગલ/ ખેતર માં પાણી વાળી જગ્યાએ | છોડ લાવી મસળી ઘા ઉપર બાંધવાથી લોહી વહેતું અટકી જાય છે. | વિંછીના ડંખ ઉપર તેનું પાન મસળી મૂકી દેવાથી તાત્કાલિક આરામ | ઘાસ જેવો છોડ આવે છે. કાંડા ઉપર પીળું ફૂલ આવે છે. |
| ૫૫ | ડાડ | | | દાઝી ગયેલા ઉપર | એક બે દિવસ માં | બારે માસ જંગલમાં પથ્થર વાળી જગ્યાએ પાણી મળે ત્યાં વધારે થાય છે. | તેના પાન બાળી મસળી દાઝી ગયેલ ભાગ ઉપર મૂકવા પાક થતો નથી. | - | નાનો છોડ આવે છે. સોટી આવે છે. આંબલીના પાનથી મોટા ગોળ પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૬ | સીરી | | | આંખમાં ફૂલ પડે તેમાં | ત્રણ ચાર દિવસ માં | જંગલ માં બારે માસ | સીરી ઝાડના ફૂલનો રસ કાઢી આંખમાં બે ટીપાં નાખવાથી ફૂલ આગળી જાય છે. (આંખમાં ફૂલ પડેલું હોય તો જ ઉપયોગ કરવો ) | - | સીરી મોટું ઝાડ આવે છે. સફેદ ફુલ આવે છે. ઉનાળામાં તેના ફુલ આવે છે. |
| ૫૭ | કાજલ | | | આંખ સાફ કરવા માટે | એક બે વાર નાખવાથી | જંગલ માં | કાજલ ખૂબ નાનો છોડ છે તેને કુટીને જીણું પાવડર જેવું બનાવી આંખમાં નાખવાથી દરેક પ્રકારના આંખના દર્દ મટે છે. | - | નાનો છોડ આવે છે.સફેદ છોડ આવે છે. |
| ૫૮ | રિંછનું ગુપ્તા અંગ | રિંછનું ગુપ્ત અંગ | | નપુસકતા દુર કરવા માટે | બે વાર ખાવાથી | શિકાર કરી મેળવુ પડે. | પુરુષ માટે નર અને સ્ત્રી માટે માદા રિંછ ના ગુપ્તા અંગનો થોડ ભાગ રોટલા કે દાળ સાથે થોડો ભાગ ખાવાથી પુરુષ સ્ત્રી બંનેનેનપુસકતાનો રોગ એ મટે છે. | - | રિંછ જંગલી પ્રાણી છે. તે માણસને મારી ખાઈ જાય છે. તે મોટા મોટા પથ્થરોમાં રહે છે. ગુજરાતમાં રતન મહાલ અને માલ સામોટના જંગલોમા રિંછની વસતિ વધારે જોવા મળે છે. |

| ૧% | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૯ | પા-ડો થોર | | | ધાતુ સ્ત્રાવમાં (શકિત માટે) | એક બે વાર ખાવા થી | પથ્થર વાળી ખૂબ વિકટ જગ્યા એ મળે છે. | તેનો ચિક( ગુંદર ) દૂધ લાવી પાવાથી પેશાબમાં વિર્ય જતું હોય તો અટકે છે. | - | પા-ડો થોર કાંટા વગરનો થોર છે. થોર જેવા જ પાન આવે છે. થોર જેવાજ પાન આવે છે. દૂધ નિકળે છે. સફેદ થોર કહેવામાં આવે છે.કાટા આવતા નથી. |
| ૬૦ | દાંતી | દાંતી | કોટન [illegible]લિ એકમ | ઉલટી કરાવવા માટે | એકજ વાર પાવા થી | જંગલમાં બારે માસ | તેનું મૂળ લાવી વાટી ૧૦થી૨૦ ગ્રામ જેટલું જ પાવાથી ઉલટી થઈ બધોજ બગાડ નિકળી જાય છે. | અપચા માં ઝાડા ન થતા હોય તેમાં [illegible]પરાય છે. | દાંતી છોડ આવે છે. જંગલમાં મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૧ | બીયાનો ચીક | બીયાનો ગુંદર | ટેરોકાર્પસ માર્સુપિયમ | ઝાડામાં | એક બે વાર પાવા થી | જંગલમાં મળે (લાવી રાખેલ હોયતો ઘરમાં મળે) | ઝાડનો ગુંદર લાવી પાણી સાથે પાવાથી ઝાડાબંધ થઈ જાય છે. | - | બીયો મોટું ઝાડ આવે છે.ઈમારતી લાકડું ગણાય છે. |
| ૬૨ | નાથડો | જંગલી કેળ | મુસસેપિપિયે-ટમ્ | ઝાડામાં | .. | જંગલ માં ચોમાસે શિયાળે | તેનું મૂળ કાપવાથી તેમાંથી રસ પડે તે પાવાથી ઝાડા મટી જાય છે. | - | જગલી કેળ, કેળ જેવી આવે છે. પણ કેળાં નાના આવે છે. જંગલમાં થાય છે. |
| ૬૩ | કલમ (કનબો) | કદંબ | ઍથ્રોકેફેલસ કડંબ | પેટના દુઃખાવા માં | એક બે વાર પીવા થી | જંગલ બગીચા માં બારે માસ | ~~તેનું મૂળ કાપવાથી તેમાંથી રસ પડે~~ તે ~~પાવાથી ઝાડ મટી~~ જાય છે. કુમળા કુમળા [illegible] લસોટી ચાવવા તથા તેના [illegible] પેટ ઉપર [illegible] [illegible] | - | ~~જંગલી કેળ, કેળ જેવી આવે છે. પણ કેળાં નાના આવે~~ છે. ~~જંગલમાં થાય છે.~~ ફૂલ મોટા દડા જેવા [illegible] પાંદડાં મોટાં [illegible] |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૪ | દેવઆતો (દેવના આંતરડા) | સોનવેલ | કેસિથો ફિલિફો ર્મિસ | છોકરાને આફરો ચઢે તેમાં | બેવાર બાંધવાથી | બારે માસ ઝાડ ઉપર મળે છે. | વેલને વાટી થોડી ગરમ કરી પેટ ઉપર બાંધવાથી આરામ થાય છે. | - | વેલ આવે છે.સોના જેવા પીળા રંગની બારીક દોરી હોય છે. તેને નાગરવેલના નામે પણ ઓળખાવે છે. |
| ૬૫ | ફાદુ | | | છોકરાને ફુમમાં દુ:ખે તે માટે | એક દિવસમાં | માલ સામાટે જંગલમાં બારે માસ | મળ લાવી ધસી પેટ ઉપર ચોપડવું તથા થોડુંક ખાવાથી દુખાવો દૂર થાય છે. | - | વેલ આવે છે. પાન લાંબા આવે છે. ભૂરા રંગની વેલ આવે છે. |
| ૬૬ | મૂહરી | મૂસળી | એસ્પેરેગસ એસેન્ડન્સ | પથરીમાં | બે દિવસમાં | ચોમાસામાં જંગલમાં ગાંધીની દુકાને મળે | કાળી મુસળીના મૂળ લાવી એક કપ જેટલા પાણી સાથે પાવાથી પથરી ઓગળી જાય છે. | - | મૂસળી છોડ આવે છે તે વરસાદ પડે કે ઉગી નિકળે છે. તેના પાનની ભાજી કરી ખાય છે.સફેદ ફૂલ આવે સીંદરી જેવા પાન આવે(આમાં સફેદ સિવાયની મૂસળીનો ઉપયોગ કરવો) |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૭ | કાગેરુ અથવા ટીમણું કહે છે. | | | કંઠમાળ માં | બે ત્રણ દિવસ માં | જંગલમાં બારેમાસ સામાટે | તેનો કંદ લાવી ઘસીને ચોપડવાથી આરામ થાય છે. | - | વેલ છે. કાળા ચિકણા પાન આવે છે. ત્રણ ખાંચાવાળા પણ આવે છે. તેને ફળ ઝુમખામા લાગે છે. ચોમાસામાં વધારે મળે છે. |
| ૬૮ | લીમાડો | જગલી લીમડો | એઝાડિરે કટાઈન્ડિકા | પેટમાં દુઃખે તેમાં | એક વાર પાવા થી | જંગલમાં બારેમાસ | છાલ લાવી કુટીને પાણી સાથે ૫૦ ગ્રામ જેટલું પ્રવાહી આપવું | - | મોટું ઝાડ આવે છે.લીમડા જેવા પાન પણ મોટા આવે છે. તેને જંગલી લીમડો કહે છે. |
| ૬૯ | પાડ | પાડ | સ્ટેફાનિયા હેર્નાંડી ફોલિયા | પેટમા દુઃખે તેમા | બે વાર પાવા થી | બારેમાસ જંગલમાં | તેના મૂળ લાવી ઘસી કે વાટી તે ચાર ચમચી પાવાથી પેટ નો દુઃખાવો દુર થાય છે. | - | પાડ વેલો આવે છે. બે ખાંચા વાળા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૦ | ગરમાળો | ગરમાળો | કેસિયા ફિસ્ટયુલા | પેટમાં દુઃખે તેમાં | એક બે વાર પીવાથી | ચોમાસે શિયાળે જંગલમાં બગીચામાં | સિંગો લાવી અંદરનો ગર્ભ કાઢી એક કપ જેટલું પાણી સાથે પીવું | - | ગરમાળો મોટું ઝાડ આવે છે. પીળા ફૂલ ઝૂમખામાં લાગે છે. સીંગો લાંબી આવે છે.સુકાય એટલે કાળી પડી જાય છે. |
| ૭૧ | ટીમણું | ટીંબરુ | ડાયોસ્પાઇરોસ, એમ્બ્રીઓપ્ટેરિસ | ચાંદુ ગુમડું | બે ત્રણ દિવસમાં આરામ થાય છે. | બારેમાસ માલ સામોટના જંગલમાં મળે | તેનો કાંદો લાવી પથ્થર ઉપર ઘસી ચાંદા કે ગુમડા ઉપર ચોપડવો.ગુમડું ફાટી પણ જાય અને બેસી પણ જાય છે. | - | વેલ આવે છે. ત્રણ કાંટાવાળા પાન આવે છે. બારેમાસ જંગલમાં મળે છે. |
| ૭૨ | પાણવેનો | | | ઢોરને જીવડા પડે તેમાં | બે પાટામાં | બારે માસ જંગલમાં મળે | વેલનો કંદ લાવી કુટી પાક કે જીવડા પડ્યા હોય તે ભાગ ઉપર મૂકી પાટો બાંધી દેવો. | ચાંદુ ગુમડામાં માણસ માટે પણ વપરાય છે. | વેલ આવે છે. પાન મોટા આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૩ | સિઠો | | | પેટમાં દુઃખે તેમાં | એક વાર પાવા થી | ચોમાસા માં જંગલમાં | તેનું મૂળ લાવી વાટી ૫૦ ગ્રામ જેટલું પાવાથી આરામ થાય છે. | - | સિઠો છોડ છે. સિંદરી જેવોજ હોય છે. ચોમાસામાં થાય છે. |
| ૭૪ | માજનફૂલ | માથે | સાઈપેરસ રોટંડસ | આંખમાં ફૂલ પડે તેમાં | એક બે વાર આંખમાં નાખવા થી | જંગલમાં બારેમાસ | તેનું મૂળ લાવી સાફ કરી ઘસીને આંખમાં બે ટીપાં નાખવા | - | માજન છોડ આવે છે. સફેદ ફૂલ આવે છે. તેના ફૂલ બપોરે ખીલતા હોવાથી છોડનું નામ માજનફૂલ પડયું છે. |
| ૭૫ | મહુડાની છાલ | મહુડો | બેસિયા લેટીફોલિયા | માથાના દુઃખાવા માં | એક બે વાર ચોપડ વાથી | બારેમાસ દરેક જગ્યા એ | મહુડાની છાલ ઘસી ને કપાળે ચોપડવાથી આરામ થાય છે. | - | મહુડો મોટું ઝાડ આવે છે. સર્વત્ર જોવા મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૬ | કૂબો | | | ઝાડામાં | એક વાર પાવાથી | બારે માસ જંગલમાં | કૂબાની છાલ લાવી ઘસી કે વાટી એક કપ જેટલું પ્રવાહી પાવાથી ઝાડા મટે છે. | - | [illegible] માટું ઝાડ આવે છે. મહુડા જેવા પાન આવે છે. બારેમાસ જંગલમાં મળે છે. |
| ૭૭ | (૧) વાંસની છાલ | વાંસ | લેમ્લુઝા, એરન્ડીનેશિયા | ખસ/ખરજવામાં | અઠવડિયામાં | બારે માસ જંગલ ખાડીમાં | કુમળા વાંસની છાલ આબાના પાન અને પાણીની લાલ વનસ્પતિ ત્રણેને બારી મોક્ષા કરી ખસ અથવા ખરજવા ઉપર લગાડવી. | - | વાંસ ન ફૂટે ત્યારે કૂમળો હોય છે. તેની આજુબાજુ છાલ હોય છે તે આંબો માટું ઝાડ છે. સર્વત્ર હોય છે. બંધપાણીમાં લાલ વનસ્પતિ થાય છે તે |
| | (૨) આંબાના પાન | આંબો | મેંગીફેરા ઈન્ડિકા | | | | | | |
| | (૩) ખાડીમાં લાલ વનસ્પતિ આવે છે તે | | | | | | | | |
| ૭૮ | સેમટું | | | સાપના ઝે.રમાં | તાત્કાલિક | ચોમાસામાં જંગલમાં મળે | તેના પાન લાવી જોણા લસોટી પાઈ દેવા ૫૦ ગ્રામ જેટલા | - | વેલ આવે છે. ચિભડા જેવા વેલા થાય છે. તે કડવા હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૯ | (૧) મહુડાની છાલ<br>(૨) કેરોસીન | મહુડો | બેસિયાર્લટીફોલિયા | વિંછીના ડંખમાં | તાત્કાલિક | દરેક જગ્યાએ બારે માસ | ડંખ ઉપર મહુડાની છાલ ઘસી મૂકે છે. કેરોસીન પણ મૂકે છે. | - | મહુડો મોટું ઝાડ છે. સર્વત્ર જાણીતું છે. – કેરોસીન બાળવામાં વપરાય છે. |
| ૮૦ | હરડે | હરડે | ટરમિનેલિયા ચેબ્યુલા | દાઢ દુઃખે તેમાં | તાત્કાલિક | જંગલમાં ગાંધીને ત્યાં | હરડે ઘસી દાઢ દુઃખે ત્યાં ચોપડવાથી મટી જાય છે. | - | હરડેના મોટા આંબલી જેવા ઝાડ થાય છે. |
| ૮૧ | ટેટવો | | | સોઝા ઉપર મચકોડ ઉપર | એક બે વાર લગાડવાથી | જંગલમાં બારેમાસ માલ સામાટે | ટેટવાની છાલ લાવી ઘસીને સોઝા ઉપર ચોપડવી. | - | ટેટવો મોટું ઝાડ આવે છે. મહુડાના પાનથી નાના પાન આવે છે. ફળ લાંબુ પહોળું તલવાર જેવું ચપટું આવે છે. ૨ા થી ૩ ફૂટ લાંબુ આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૨ | રાબરો | | | ગાંદામાં | બે દિવસ માં | જંગલ માં બારે માસ | પાન લાવી લસોટી ૩XXXXગાંદા ઉપર લગાડવાથી સારું થાય છે. | XXXX ગુમડા માં પણ વપરાય છે. | રાબરો છોડ છે. પાન મોટા આવે છે. |
| ૮૩ | તરબીજ (જંગલી તરબૂચ) | તરબૂચ | સિટ્રયુલસ વલ્ગેરિસ | પેટમાં દુ:ખે ગર્ભ થાય તેમાં | એક બે વાર પાવા થી | જંગલ કોતરમાં પાણી વાળી જગ્યાએ બારે માસ | મૂળ લાવી ૫૦ ગ્રામ જેટલુ પ્રવાહી બનાવી પાવું. | – | વેલ આવે છે. કોળાના પાન જેવા પાન આવે છે. ગોળ ફળ આવે છે. પ્રમાણમાં નાના હોય છે. |
| ૮૪ | (૧)ગાગેદી (૨)મધુરી (૩)રોંહીંયો | | | ખાંસી | એક બે દિવસમાં | માલ સામોટના જંગલમાં બારે માસ | ત્રણેના મૂળ લાવી ઘસી અથવા લસોટી એક કપ જેટલું પ્રવાહી બનાવી પાવું | – | (૧) ગાગેદી મોટું ઝાડ આવે છે. કાંટાવાળુ હોય છે. (૨)મધુરી છોડ છે. તે જમીન સાથે પથરાય છે. (૩) રોડીયો વેલ છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૫ | (૧) રિંગણીનું મૂળ | વેંગણી | સોલેનમ્ મેલોન્જનો | પ્રસુતિ પિડા દૂર કરી જલદી પ્રસુતિ થાય તે માટે | એકજ વાર પાવું | દરેક જગ્યાએ બારે માસ | રિંગણીનું મૂળ અને ઉંમરાના ફળનો ડાંડો ઘીસા કરી એક કપ જેટલું પ્રસુતા બાઈને પાવાથી પીડા દૂર થાય છે. | - | રિંગણી એ છાડ છે. રિંગણા ના શાક કરવામાં આવે છે. ઉંમરો મોટું ઝાડ છે. તેને ઉમરા લાગે છે તેને ડાંડા હોય છે. |
| | (૨) ઉંમરાનો હાથો | ઉંબરો | ફાઈકસ ગ્લોમિરેટા | | | | | | |
| ૮૬ | ઉંમરાનો હાથો | ઉંબરો | ફાઈકસ ગ્લોમિરી | બાળકો થાય તે માટે | એક વાર પાવા ઘી | દરેક જગ્યાએ જંગલ/ ખેતર | ઉંમરાના ફળ આવે તે. પહેલાં તેને ડાંડા આવે છે. તે ઉપર ફળ આવે છે. તે ડાંડો લાવી વાટીને સ્ત્રીને માસિક આવે પહેલાં પાવાથી ગર્ભ રહે છે. | - | ઉંમર મોટું ઝાડ આવે છે. ઉંબર હોય ત્યાં પાણી હોય તેવી માન્યતા છે. વરસાદ પહેલાં ફળ પાકે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૭ | (૧)બોરની ગાંઠ<br>(૨)સાગની ગાંઠ | બોરડી<br>સાગ | ઝીઝીફસ જાજુબ<br>ટિકટોના ગ્રેન્ડિસ | સ્ત્રીને વંધિકરણ માટે | એકજ વાર પાવાથી | જંગલમાં બારે માસ | બોરડીની ડાળ ઉપર ગાંઠ આવે છે તે અને સાગનું પાન ફૂટે ત્યાં ગાંઠ આવે છે. તે બંનેને મીક્ષ કરી એક કપ પાણી સાથે પાવાથી સ્ત્રી કાયમ માટે વાંજણી બની જાય છે. | - | (૧)બોરડી કાંટાવાળા આવે છે.તે બોર ખાટા હોય છે.<br>(૨) સાગ ઈમારતી ઝાડ છે.પાન મોટા આવે આવે છે.જંગલમાંજ થાય છે. |
| ૮૮ | બીયાનો ચીક | બીયાનો ગુંદર | ટેરોકર્પસ માર્સુપિયમ | સૂકી ખાંસી | એક બે વાર આપવાથી | દ.ગુ.ના જંગલમાં મળે. | બીયાનો ગુંદર લાવી પાણી સાથે પાવો. | - | બીયો મોટું ઝાડ આવે છે. જંગલમાં થાય છે.ઈમારતી ઝાડ છે. |
| ૮૯ | રિંગણી | ભોરીંગણી | સોલેનમ ઝેથોકાર્પસ | દાંતના દુઃખાવામાં | એક બે વાર ચોપડવાથી | દરેક જગ્યાએ વાડીમાં ખેતરમાં | મૂળ લાવી ઘસી દુઃખે ત્યાં ચોપડવાથી આરામ થાય છે. | - | રીંગણી કાંટાવાળી આવે છે. તેનો ઉપયોગ કરવો પડે છે.રિંગણા લાગે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૦ | કુલી | શિયાર | | વા | મટે ત્યાં સુધી લગાડવી | વગડામાં જંગલમાં શિકાર કરવો પડે | શિયાળ ને મારી તેની ચરબી કાઢી તે[વાં]ળા ભાગ ઉપર માલીસ કરવાથી વા મટી જાય છે. | - | શિયાળ એ જંગલી પ્રાણી છે. ખેતરોમાં/ જંગલમાં રહે છે. શિયાળ ખૂબ ચપળ પ્રાણી છે. |
| ૯૧ | બકરીની આંખ | બકરી | | રતાંધળાપણામાં | એક જ વાર | ખાટકી પાસેથી | બકરીની આંખ કોઈ ખાવાના પદાર્થ સાથે ખાવાથી અંધાપો આવતો અટકે છે. | - | બકરીએ દુધાળુ પશુ છે તેને પારવામાં આવે છે. |
| ૯૨ | ખડકીનો ચીક | શિલાજિત પથ્થરનો ગુંદર | આસફોલ્ટમ પંજાબીનમ્ | જાનવર માણસને ઘાયલ કરે તેમાં | બે દિવસમાં | મોટા ડુંગરોમાં મળે બધી જગ્યાએ મળતા નથી. | પથ્થરમાંથી ભૂરા રંગનો ચીક નીકળે છે. તે લાવી પાવો અને ઘા ઉપર ચોપડવો. | - | મોટા પથ્થરોમાંથી રસ જરે તેને પથ્થરનો ચીક કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૩ | મલ | મધ | | દાજી ગયેલા ઉપર | એક બે દિવસ માં | જંગલ માં | દાજી ગયેલા ભાગ ઉપર મધ લગાડવા થી પાક થતો નથી. | - | મલ એ માખો એ બનાવેલ મધુર રસ છે. મધમાખી તૈયાર કરે છે. |
| ૯૪ | સુવરનો મળ | સુવર | | તજા ગર્મી (ફાના તળીયા ફાટી જાય તેમાં) | બે ત્રણ વાર લગાડવાથી | જંગલમાં સુવરની વસતિ હોય ત્યાં | સુવરનો મળ લાવી ગરમ કરી ## ઉપર બાંધવાથી ગર્મી શોસાઈ જાય છે. | - | જંગલી સુવર આવે છે. તેનો મળ વાપરવો બહુ શકિત શાળી જાનવર છે. (ભુંડના મળનો ઉપયોગ કરવો નહી ) |
| ૯૫ | ધોડી | ધો (ગો) | | શરીરના હાડકા દુઃખે તેમાં | મટે ત્યાં સુધી માલીસ કરવી | ગમે પેટે ચાલતું પ્રાણી છે તે ખડકાર કેરેતાર જમીન માં રહે છે. | ધો લાવી તેને ગરમ કરી XXXX ચરબી કાઢવી તે ચરબી હાડકા ઉપર ચોપડવી. | હાંધા દુઃખે તેમાં પણ વપરાય ઢોરને કાંધે ચોપડવામાં | ધો એ પેટે અને પગે ચાર પગવાળું જાનવર છે.દરમાં રહે છે. તેની ઘણી જાત હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૬ | (૧) સિંદરી<br>(૨) લાલબાહુ<br>(૩) કાલી છીંણી | | | આંતરિયા તાવમાં | એક દિવસ માં | જંગલ માં પાણીમાં બારે માસ | ત્રણેના પાન લાવી જીણાવાટી લુગદી બનાવી હાથે બાંધવાથી તાવ મટે છે. | છાતીનો દુઃખાવો પણ મટે છે. | - સિંદરી જમીન સાથે પથરાતો છોડ થાય છે.<br>- લાલબાહુ પાણીમાં થાય છે. ઝાડ છે.<br>- કાલી છીંણી માટી સાટો છોડ છે. પાન ગોરાકાર આવે છે. |
| ૯૭ | (૧) કુમરાહ<br>(૨) માવેસનું મૂળ<br>(૩) જંગલી સરગવાનું મૂળ<br>(૪) છાપી મદરી | મોરવેલ<br>વગડાઉ સરગવો | ક્લિમેટીસ ટ્રાઈલોબા<br>મોરિંગા કોન્કેને-સિસ | નાગુ હાથેપગે સોઝા આવે (શરીર ફૂલી જાય તેમાં) | અઠવાડીયા માં | ગડીના જંગલમાં બારે માસ ડેડીયા પાડા | ચારેના મૂળ લાવી સાફ કરી રસ કાઢી સવાર સાંજ એક અઠવાડીયા સુધી પાવું (આ દર્દમાં પરેજી પારવાની હોય છે. મરચું ડુંગળી, લસણ તેલ, મરચુ, મીઠું ખાઈ શકાતું નથી.) | - | કુમરાહ-વેલ આવે છે. ઝાડ ઉપર ચઢે છે. સફેદ ફુલ આવે છે. મૂળ કો જેવા થાય છે.<br>- માવેસયણ વેલ આવે છે.<br>- જંગલી સરગવો જંગલમાં થાય છે. મોટું ઝાડ છે. સરગવા જેવું જ હોય છે.<br>- છાપી મદરી છોડ છે. પડતર જમીન તેમજ ખેતરમાં થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૮ | (૧) મોરફળ<br>(૨) કવલાની છાલ<br>(૩) ફેમટાલ મધરા | મોરે | | ટાઈફોઈડ તાવ (મગજનો તાવ) | સાત દિવસમાં | જંગલમાં બારેમાસ | નંબર એક અને ત્રણના મૂળ લાવી કુટીને દિવસમાં બે ટાઈમ પાવો. નંબર બે કવલાની છાલ તપેલામાં બે ત્રણ કોલો પાણી રાખી પલાળી રાખવી તે પાણી આખા શરીરે ચોપડવું. | - | (૧) મોરફળ બે ત્રણ ફૂટનો છોડ થાય છે. ત્રણ ફાટવાળા પાન આવે છે. નિલગિરીના પાન જેવા લાંબા આવે છે.<br>(૨) કવલો કાકડ જેવું મોટુ ઝાડ છે. મોટાપાન આવે છે.<br>(૩) ફેમટાલ મધરી છોડ છે. શિયાળે, ચોમાસે વધારે મળે છે. |
| ૯૯ | (૧) માજન ફૂલ<br>(૨) ખાટું લીંબુ<br>(૩) ગૂગળ ગુંદર<br>(૪) ડુંગળીનો રસ | લીંબુ<br>ગૂગળ<br>ડુંગળી | સાઈટ્રસ એસિડ<br>બાલસામોઈક્ષ<br>ડેન્ડ્રન મુકુલ<br>એલીઅન સેપા | ઝાડા ઉલટીમાં (કોલેરામાં) | તરત જ | જંગલમાં માજનફૂલ બાકી ચીજો દરેક જગ્યાએ મળે. | માજન ફૂલના છોડનું મૂળ છુંદીને ૫૦ ગ્રામ જેટલા પ્રવાહીમાં લીંબુનો રસ, ગુગરનો થોડો ગુંદર અને ડુંગરીનો રસ મીક્ષ કરી પાવાથી ઝાડા-ઉલટી તાત્કાલિક મટે છે. | - | માજન તુલસી જેવો છોડ છે. સફેદ ફુલ આવે છે. ફુલ ખરા બપોરે ખીલતા હોવાથી માજન ફુલ કહેવાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૦ | (૧) દમમૂળ<br>(૨) ખેરના લાકડાનો લાલ ગર્ભ<br>(૩) નાનસીરી<br>(૪) રોહોડાની છાલ<br>(૫) દાંતીના મૂળનો રસ | ખેર<br><br>રગત રોહીડો | એકસિઆ કે ટેરયુ<br><br>રેમનસ વાઈટીઆઈ | દમ | પંદર દિવસ સુધી માં | બારે માસ ડેડીયા પાડાના જંગલો માં | બધી ચીજો મીક્ષ કરી છુદી ત્રણ ચાર લીટર પાણી નાખી માટીના વાસણમાં ઉકાળવું. ૨૫૦ ગ્રામ જેટલું પાણી રહે ત્યાં સુધી ઉકાળવું તે પાણી ગાળી લઈ દરરોજ સવાર સાંજ ૧૫થી૨૦ ગ્રામ પીવા આપવું. | - | દમવેલ એ વેલ છે. જીણા પાન આવે છે. ટચલી આંગળી જેટલા જાડા મૂળ આવે છે.<br>- ખેરનું વૃક્ષ મોટું આવે છે તે ઝાડમાંથી કાથો બને છે.<br>- નાનસરી વેલ છે.પીપળાના પાન જેવા પાન આવે છે. ચોમાસામાં મળે છે.<br>- રોહીડો મોટું ઝાડ છે. મહુડા જેવા પાન આવે છે. રગત રોહીઠો પણ કહે છે.<br>- દાંતી છોડ છે. જીણા પાન આવે છે. બારેમાસ મળે છે. |
| ૧૦૧ | (૧) બેહડાની છાલ<br>(૨) રાની ભીંડાનું મૂળ | બેહેડાં<br><br>રાનીભીંડા | ટરમિનેલિયા બેલેરિકા | ઘા ઉપર | એક વાર લગાડવાથી મટે પાંચ દિવસમાં આરામ | જંગલમાં બારેમાસ રાની ભીંડો ચોમાસે શિયાળે વધારે મળે | બેહડાની છાલ અને રાની ભીંડાનું મુળ ઘસી બંને મીક્ષ કરી ઘા ઉપર લગાડવું | - | બેહડાનું મોટું ઝાડ આવે છે. રાનીભીંડાએ જંગલી ભીંડો છે. સામાન્ય ભીંડા કરતાં નાના ભીડા લાગે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૦૨ | (૧) રગત રોહીડો<br>(૨) વડહોડ<br>(૩) પુતવાન | રગતરોહીડો<br>વરધારા | રેમનસ વાઈટીઆઈ રરિયા સેંટેલાઈડીજ | બાળકો કરવા માટે | પૂર્ણિમા અથવા અમાસના દિવસે બે ટાઈમ આપવાથી | જંગલમાં બારેમાસ | રાગતરોહીડાનું છાંડુ વડ હોડનું મૂળ અને પુતવાનું મૂળ ત્રણે મીક્ષ કરી ૭૦થી ૮૦ ગ્રામ જેટલું પ્રવાહી બનાવી સ્ત્રીને પાવા થી ગર્ભ રહે છે. | - | રગત રોહીડો મોટું ઝાડ આવે છે.<br>વડ હોડ વેલ આવે છે.વાલ પાપડી જેવા પાન આવે છે.<br>પુતવાન પણ વેલ છે.તેના પાન પણ વાલ પાપડી જેવા જ આવે છે. |
| ૧૦૩ | મોટીકુડી | | | વિંછીના ડંખમાં | તાત્કાલિક | બારે માસ જંગલમાં દેડીયાપાડા | મોટી કુડીના પાન લાવી મસળી રસ નાક્માં નાખવો અને મસરેલું પાન ડંખ ઉપર બાંધવું | - | મોટીકુડી મોટું ઝાડ થાય છે. ટગરીના પાન જેવા પાન થાય છે.બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૪ | (૧) ચારેપરિયો છીદડો<br>(૨) જંગલી ભીંડો<br>(૩) હીંગલા | <br>વગડાઉ ભીંડો<br>આ શિન્દ્રી | <br><br>બાહિનિયા ટોઈસમોસા | પ્રસુતિ પિડા સમયે જલ્દી નિકાલ કરવા | તાત્કાલિક | જંગલમાં ચોમાસે શિયાળે ડેડીયા પાડા | ત્રણેના મૂળ લાવી વાટી ૧૦૦ ગ્રામ જેટલું પ્રવાહી આપવું. | – | (૧) ચારેયરિયો છીંદડો છોડ છે. ચોમાસામાં વધુ થાય છે. ત્રણ ખાંચાવાળા પાન આવે છે.<br>(૨) જંગલી ભીંડો છોડ છે. તે પણ ચોમાસે થાય છે.<br>(૩) હીંગલાએ ઝાડ છે. તેનો આ સિન્દ્રો કહે છે. તેના પાન બીડી બનાવી પીવે છે. |
| ૧૦૫ | (૧) વચ્છનાગ<br>(૨) કોદરોનો લોટ | <br>કોદરા | પાસયેલસ્કો ખિકયુલેટમ્ | આંખ આવે તેમાં | એક બે વાર મૂકવા થી | બારે માસ | વચ્છનાગના પાનનો રસ કોદરાના થોડા લોટમાં મીક્ષ કરી થોડીવાર આંખ ઉપર મૂકવો. જેથી તે બરફની જેમ જામી જાય છે. પછી પાટો બાંધી દેવો. | – | વચ્છનાગ વેલ છે. કોદરી ધાન્ય છે. તેનો ખોરાક તરીકે ઉપયોગ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૬ | (૧) મોરના ઈંડાનું કોચલું<br>(૨) સિંદુર<br>(૩) કનબી | મોર<br>સિંદુર | | આંખમાં ફૂલ પડે તેમાં | આઠ દસ દિવસ માં | જંગલમાં કનબી સિદુર દુકાને વગડા અથવા જંગલમાં મોરનું કોચલું | કનબીના પાનનો રસ સિંદુર અને મોરના ઈંડાનું કોચલું વણે મીક્ષ કરી દરરોજ સાંજે બે ટીપાં આંખમાં નાખવા | - | કનબી મોટું ઝાડ આવે છે. |
| ૧૦૭ | (૧) ઈશ્વર<br>(૨) સાપકાંચળી<br>(૩) બખલી<br>(૪) મીરચીકૂવો | | | આંતર ગાંઠ (અંડકોષ વધે તેમાં) | બે દિવસ માં | શિયાળે ચોમાસે ડેઠીયા પાડાના જંગલમાં | ચારેના મૂળ મીક્ષ કરી બારી મૂકવા ચઢે ત્યારે સવારસાંજ અડધો કપ પાવા આપવું લાંબાનાસળિયાથી કામ પણે દે છે. | - | (૧) ઈશ્વરની વેલ છે. લીલા પાન આવે છે.<br>(૨) સાપ કાંસળી પણ વેલ આવે છે.<br>(૩) બખલી છોડ થાય છે. ચોમાસામાં થાય છે. બેત્રણ આંગળીના પાન આવે છે.<br>(૪) મરચીકૂવો છોડ આવે છે. તેને નાના નાના મરચાં લાગે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૮ | અલુકાકડ | કાંકડ (કરપટા) | ગેરુઆ પિન્નેટા | ચાંદા અથવા ગુંમડામાં | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | અલુકાકડની છાલ ઘસી શરીરે લગાડવી અને ૫૦ ગ્રામ જેટલી પાણી સાથે પાવી. | - | અલુકાકડ મોટું ઝાડ આવે છે.બારેમાસ જંગલમાં મળે છે. |
| ૧૦૯ | દાંતી | દાંતી | ક્રોટન પોલિએંડ્રમ | જુલાબ માટે | તાત્કાલિક | જંગલમા બારે માસ | દાંતીનું મૂળ ચોખા ભાર જેટલું ઝુંદીને પાવાથી તાત્કાલીક ઝાડા થાય છે. | - | દાંતીનો ત્રણેક ફૂટ ઊંચો છોડ થાય છે.ગુંદો જેવા પાન આવે. નોંધ: નાના બાળકોને આપવું નહીં.ઝાડા થયા પછી દહીં/ખીચડી આપવી. |
| ૧૧૦ | (૧) ગાલાનું ફળ | મીંઢળ | રેન્ડીઆ ડ્યુમેટોરમ્ | દાઢ દુઃખે તેમાં | બે ત્રણ ટાઈમ લગાડવાથી | જંગલમાં ઘરમાં | ગાલાનું ફળ ઘસી તેમાં મેંશ અને મીઠું મીક્ષ કરી સાબરસીંગીના પંચાગનો રસ મીક્ષ કરી દુઃખતી દાઢના ગાલ ઉપર લગાડવું. | - | ગાલાનું કાંટાવાળું મોટું ઝાડ આવે છે. મીંઢળ જેવા ફળ આવે છે. – સાબરસીંગી છોડ થાય છે. બેત્રણ ફૂટ ઊંચો થાય છે. રાઈ જેવી શિંગો આવે છે. કડવા દાણા હોય છે. |
| | (૨) ચૂલાની મેંશ | ચૂલા ઉપરની મેંશ | | | | | | | |
| | (૩) મીઠું | મીઠું | | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૧ | સેવર | સાજડ | ટરમિનેલિયા ટોમેન્ટોઝા | અંસાળમાં (ચોમાસામાં) પગની આંગળીઓ વચ્ચે પાણી લાગી ચાંદીયો પડી જાય તે બહુજ ચર આવે છે. | એક બે વાર લગાડવાથી | જંગલમાં બારે માસ | સેવરની છાલ (છાંડું) લાવી ઘસી ચોપડવું | - | સેવર મોટું ઝાડ આવે છે. ફરનિચરમાં વપરાય છે.બારેમાસ મળે છે. |
| ૧૧૨ | ટેટવો | | | મૂઢ માર ઉપર | એક બે દિવસમાં | જંગલમાં બારે માસ | ટેટવાની છાલ ઘસી ઠીકરામાં સાધારણ ગરમ કરી સોઝા વાળા ભાગે લેપ લગાડવો.છ કલાક આંતરે લેપ લગાડવો સોઝા મટી જાય છે. લોહી છુટું પડી જાય છે. | - | ટેટવો મોટું ઝાડ આવે છે.બારેમાસ જંગલમાં મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૩ | કાકડા | | | મુઢ માર ઉપર | બે દિવસ માં | જંગલમાં બારે માસ | છાલ લાવી જીણી વાટી ઠીકરામાં ગરમ કરી સોજા વાળા ભાગે લગાડવી ઉપર પાટો બાંધવો. | - | કાકડ મોટુ ઝાડ થાવે છે. બારેમાસ જંગલમાં મળે છે. |
| ૧૧૪ | લાગમાટી | | | હાડકુ ભાગે તેમાં | એકજ વાર લગાડ વાથી | સુર પાણેશ્વર ના ઉપર ભાગ માં | ભાગેલા હાડકાના સાંધા બરાબર મેળવી ચારે તરફ લાગમાટીનો લેપ કરવો. ૧૫ થી૨૦ ગ્રામ એકજવાર પીવા આપવું.લેપ લગાડી ઉપર વાંસ કે કામળીની પટ્ટીનો આધાર આપી પાટો બાંધવો. -પ્રેગનેટ બાઈને આ દવા પીવા આપવી નહીં.બહાર લેપ લગાડવામાં વાંધો નથી. | - | લાગમાટીએ બાજી ગોલી મટી છે.જયાં જલધારા પડતી હોય તેવી જગ્યાએ કોઈ સ્થળે આ માટી હોય છે. - આ પ્રયોગ ઉતરદાતાનો અનુભવ સિધ્ધ પ્રયોગ છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૫ | સાબર શિંગ | સાબર શિંગ | | માથાના દુખાવામાં | એકજ વાર લગાડવાથી | જંગલમાં બારે માસ દેવ મોગેરા | તેના પાન લાવી વાટા કપાર ઉપર લગાડવા | - | છોડ આવે નાની નાની સીંગ આવે છે. |
| ૧૧૬ | ગા-ડુ હેમડું | | | પેટના દુઃખાવામાં | એક વાર પાવાથી | જંગલમાં બારે માસ દેવ મોગેરા | મૂળ લાવી સાફ કરી વાટીને અડધા કપ જેટલા પાવાથી પેટનો દુઃખાવો દુર થાય છે. | - | વેલ આવે છે.પાન જીણા આવે છે. સફેદ પાન આવે છે. |
| ૧૧૭ | અંબરચ | | | ઉલટી/ ઝાડામાં | એક કલાકમાં | જંગલમાં બારે માસ | તેનું છાડું કાઠી ગળામાં કંઠી જેવું બાંધવાથી ઝાડા ઉલટી બંધ થઈ જાય છે. | - | મોટુ ઝાડ આવે.કનબીના ઝાડ જેવું આવે. |
| ૧૧૮ | અરો (અરુ) | | | હાથ પગ દુઃખેતેમાં | તાત્કાલિક | જંગલમાં બારે માસ | છાલ લાવી હાથપગમાં બાંધવાથી હાથપગ દુઃખતા અટકે છે. | - | એક બે ફૂટ ઊંચો છોડ થાય છે.હથેળી જેવા મોટા પાન થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૧૯ | મણીયાંજી | | | સાપના ઝેરમાં | એક વાર પાવા થી | જંગલમાં બારેમાસ દેવમોગરા | મૂળ લાવી વાટી અડધો કપ જેટલું પાવું | - | વેલ આવે છે.તેના પાન નાના આવે છે.સીંગ જેવા પાન આવે છે. |
| ૧૨૦ | કુંબીયા | | | માસિક અટકેલું હોય તો | બે વાર પાવું (બે દિવસ માં) | દેવમોગરા ના જંગલમાં બારેમાસ | છાંડુ લાવી કુટી ને ૧૦૦ થી ૧૫૦ ગ્રામ જેટલુ પ્રવાહી પાઈ દેવુ. | - | મોટું ઝાડ આવે છે. બારેમાસ મળે છે. |
| ૧૨૧ | સીરીવેલ | | | બાળકો ન થતા હોય તો થાય તે માટે | બે દિવસ પાવા થી | બારેમાસ જંગલમાં ચોમાસા માં વધારે મળે છે. | સીરીવેલ લાવી તેને વાટી તેનો રસ અડધા કપ જેટલો પાવાથી ગર્ભ રહે છે. | નાના બાળકોને નજર લાગે તેમાં તેનું મૂળ લાવી અડધો કપ જેટલું પાવું | વેલ આવે છે. લાંબો વેલો આવે છે. છ્યોડી જેવા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૨ | (૧)લીંબું (૨)ઈંડું (૩) સાકર | લીંબું ઈંડા સાકર | સાઈટ્રસ એસિડ | ટી.બી. (ક્ષય) | ચાર દિવસ માં (વધારે માંવધારે અઠવા ડીયે) | દરેક જગ્યા એ | મરઘીનું ઈંડું લીંબુનો રસ અને સાકર મીક્ષ કરી ત્રણચાર દિવસ પાવું | - | લીંબુ છોડ છે.ખાટા આવે છે.લગભગ દરેક જગ્યાએ મળે છે. -મરઘીનું ઈંડું |
| ૧૨૩ | ખજલવેલ | | | ગુમડા માં | એકજ દિવસ માં | પાણી વાળી જગ્યાએ બારે માસ | તેના મૂળ લાવી ઘસી ગુમડા ઉપર લગાડવાથી આરામ થાય છે. | - | વેલ છે. જમીન સાથે પથરા યેલો રહે છે.સીંગ જેવું મૂળ થાય છે. આંબલી જેવા ફળ લાગે, પાણીવાળી જગ્યાએ વધારે થાય છે. |
| ૧૨૪ | કલમઝાડ નો ચીક | આંબા નો ગુંદર | મેંગીફેરા ઈન્ડિકા | વિછી કરડે તેમાં | એક વાર લગા ડ વાથી | દરેક જગ્યાએ બારે માસ | આંબાનો ચીક (ગુંદર) ડંખ ઉપર લગાડવાથી આરામ થાય છે. | - | આંબો મોટું ઝાડ આવે છે. તેના ઉપર ઘા કરવાથી ચીક નિકળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૫ | પાવણીયું | કાસુંદરો | કેસિયા સાકેરા | આંખ આવે તેમાં | એક બે વાર નાખવાથી | બારેમાસ જંગલમાં ખેતરમાં પાણી વાળી જગ્યાએ | તેના પાન લાવી મસળી સાંજે સુતા પહેલાં આંખમાં બે ટીપાં નાખવાં | - | છોડ આવે છે.સીંગો લાંબી લાગે છે.ચોમાસામાં પુશ્કર થાય છે. |
| ૧૨૬ | પેવું | | | બહેરાશમાં (કાન દુઃખે તેમાં) | એક દિવસમાં આરામ | જંગલમાં બારે માસ | મૂળ લાવી ઘસીકે વાટી તેનું પાણી કાનમાં નાખવું | - | ૩થી૪ ફુટ ઊંચો છોડ થાય છે.બાડીમાં થાય છે. ત્રણ આંગળ લાંબા પાન સાથે લાલ ફૂલ આવે છે. |
| ૧૨૭ | કેલવો | | | પગમાં કાંટો ખૂપી ગયો હોયતો પાકી બહાર કાઢવા | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | તેનું છાંડું લાવી ઘસીને કાંટો ખૂપી ગયો હોય તે જગ્યાએ લગાડવાથી બીજા દિવસે પાકીને નીકળી જાય છે. | - | કેલવો મોટું ઝાડ આવે છે. બારેમાસ જંગલમાં મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૮ | કરવ | | | વંધિક રસ માટે (કુટુંબ નિયોજન માટે) | બે ટાઇમ પાવાથી ૧ દિવસ | દરેક જંગલમાં બારે માસ | સફેદ કરવના મળ લાવી વાટી તેનો રસ પુરુષ અને સ્ત્રી બન્નેએ અડધા કપ જેટલું પીવાથી કાયમ માટે વંધિકરણ આવે છે. | - | ત્રણથી ચાર ફૂટ ઊંચો છોડ થાય છે. સંગેતરા જેવા પાન આવે છે. (સફેદ કારવ નો ઉપયોગ કરવો ) |
| ૧૨૯ | ઢેણી | | | વધારે ઉલટી માં | એક વાર પાવાથી | ચોમાસા માં મળે (ઉનાળા માં પણ મૂળ મળે) | ઢેણીનું મૂળ લાવી કુટુને અડધો કપ પાણી સાથે પાવાથી ઉલટી બંધ થાય છે. | - | ઢેણી છોડ છે. સાગના પાન જેવા પાન આવે છે. ચાર પાંચ પાન જ હોય છે. |
| ૧૩૦ | મચો | | | અંડ વૃદ્ધિ (આંતર ગાંઠ) | બે દિવસ માં | જંગલમાં બારેમાસ ઉનાળામાં પાન સુકાઇ જાય છે. (દેવમોગરા) | તેના મૂળ લાવી વાટી સાકર સાથે બે ટાઇમ આપવાથી આંતરગાંઠ મટે છે. | - | નાનો છોડ આવે છે. હાથેળી જેવડા પાન થાય છે. ચોમાસામાં વધારે થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૧ | બહણું | | | શરીર ઘોવાણ (શકિત ટકે તે માટે) | બે દિવસ માં | જંગલમાં બારે માસ દેવમોગરા | કંદ લાવી કુટીને પાણી સાથે એક પ્યાલો પાવો | શકિત અને ખાંસીમાં પણ વપરાય છે. | બહણું વેલ આવે છે. ખાખરા જેવા પાન આવે છે. મૂળકંદ જેવા થાય છે. સ્વાદે મીઠા લાગે છે. |
| ૧૩૨ | ટેટગી ઉમબર | | | પેશાબમાં ધાતુ સ્ત્રાવ થતો હોય તેમાં | બે દિવસ માં | જંગલમાં બારે માસ દેવ મોગરો | છાંડા(છાલ) લાવી કુટીને પાણીમાં પલાળી એક ગ્લાસ જેટલું પ્રવાહી પાવું. | - | નાનો છોડ આવે છે. થડમાં ફળ લાગે છે. હથેળી જેવા પાન આવે છે. |
| ૧૩૩(૧) સિંગલ (૨)આંબલીના મૂળ | | આમલી | ટેમેરીંડસ ઈન્ડિકા | ઘા પડી ગયો હોય તેમાં | બે ચાર દિવસ માં | જંગલમાં બારેમાસ | બન્નેના મૂળ લાવી મીક્ષા કરી જીણા વાટી ઘા ઉપર બાંધવા | - | સિંગલ મોટું ઝાડ આવે છે. ટીમરુના જેવી જાત હોય છે. ગુજરાતમાં(ઉ.ગુ.)બીડી પીવામાં વપરાય છે. આંબલી મોટું ઝાડ આવે છે. દરેક જગ્યાએ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૪ | કાંટાલું | કાંચકી | સિસાલપિરિયાબાંડુસેલા | પેટમાં ગાંઠ નિકળે તેમાં | બે દિવસમાં | બારે માસ જંગલમાં | તેના મૂળ લાવી વાટી તેનું ~~મિશ્ર~~ (પાણી) બે ટાઈમ પાવું | - | છોડ આવે છે. આખા છોડને કાંટા હોય છે. |
| ૧૩૫(૧) | કેરી | આંબો | મૈંગીફેરા ઈન્ડિકા | મો આવે (ગર્મી નિકળે તેમાં) | એક બે વાર દવા પીવાથી | જંગલમાં બારે માસ | બન્નેના છાંડા લાવી ઘસી અથવા વાટી પાણી સાથે પાવાથી મોની ગર્મી દુર થાય છે. | - | (૧)આંબો મોટું ઝાડ છે. સર્વત્ર થાય છે. (૨) કવલો મોટું ઝાડ છે. લાંબા પાન આવે છે. |
| (૨) | કવલો | | | | | | | | |
| ૧૩૬ | ગુંદીયો | | | લકવામાં | બે દિવસમાં | બારે માસ દેવમોગરા જંગલમાં (ખાડીમાં વધારે થાય છે.) | ગુંદીયાનું મૂળ વાટી સાકર સાથે બેવાર પાવાથી લકવો મટે છે. | - | ગુંદીયો છોડ આવે છે. પાન આવતા નથી. લીલો રંગ આવે છે. ખાડીમાં બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૭ | માજની ફૂલ | માથે | સાઇપેરસ રાટેડસ | આંખના ફૂલ માટે જ | બે ટાઇમ માં | દેવમોગેરા જંગલમાં | મૂળ લાવી સાફ કરી ઘસી આંખમાં બે ટીપાં નાખવાં. | - | તે દોઢ ફૂટ ઊંચો સોટી જેવો છોડ આવે છે. ફૂલ બપોરે ખીલે છે. માટે માજન ફૂલ કહે છે. |
